RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 139
Dt.: 26-03-2026,
Thursday
Page:04
Rs.00.50 paisa



### અમને ટ્રમ્પ પર વિશ્વાસ નથીઃ ઈરાન

## ઈરાને પાકિસ્તાનની ઓફર ફગાવી, અમેરિકાની ૧૫ શરતોનો પ્રસ્તાવ ઠુકરાવ્યો

**ઈરાને તે પ્રસ્તાવ ફગાવ્યો છે, જેમાં પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાજ શરીફે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને ઈરાન-અમેરિકા વચ્ચે વાતચીત કરાવાવની ઓફર કરી હતી**

(સંપૂર્ણ સમાચાર સેવા)તેહરાન

અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધના કારણે વિશ્વભરમાં ખળભળાટ મચી રહ્યો છે. છેલ્લા ૨૬ દિવસથી ચાલી રહેલા યુદ્ધમાં અનેક લોકોના મોત થયા છે. એટલું જ નહીં, વિશ્વમાં અબજોનું નુકસાન પણ થયું છે, તેમ છતાં હજુ સુધી યુદ્ધ અટકી શક્યું નથી. આ દરમિયાન પાકિસ્તાને ઈરાન અને અમેરિકા વચ્ચે મધ્યસ્થતા કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો, જેને ઈરાને ફગાવી દીધો છે. આ ઉપરાંત ઈરાને અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પની પણ આકરા શબ્દોમાં ઝાટકણી કાઢી છે. બીજીતરફ અમેરિકાએ યુદ્ધવિરામ માટે ૧૫ શરતોનો પ્રસ્તાવ ઈરાનને મોકલ્યો છે, તેને પણ ઈરાને ફગાવી દીધો છે.

ઈરાને તે પ્રસ્તાવ ફગાવ્યો છે, જેમાં પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાજ શરીફે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને ઈરાન-અમેરિકા વચ્ચે વાતચીત કરાવાવની ઓફર કરી હતી. ચોંકાવનારી વાત એ છે કે, શાહબાજે પોસ્ટ કર્યા બાદ અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પે તે પોસ્ટને રિપોસ્ટ કરી હતી, એટલે કે ટ્રમ્પ પ્રસ્તાવ માટે રાજી થયા હોવાનું મનાઈ રહ્યું છે. જોકે હવે આ મામલે ઈરાને સત્તાવાર પ્રક્રિયા આપી છે અને પાકિસ્તાનનો પ્રસ્તાવને ફગાવી સ્પષ્ટ કહ્યું છે કે, તેને પાકિસ્તાનની મધ્યસ્થા મંજૂર નથી. એટલું જ નહીં ઈરાને ટ્રમ્પને પણ અવિશ્વાસુ કહ્યું છે.

ટ્રમ્પ યુદ્ધ જીતી ગયા હોવાની વારંવાર જાહેરાત કરે છે, તો બીજીતરફ ઈરાન દર વખતે ટ્રમ્પના દાવાને ફગાવી દે છે.

તાજેતરમાં ઈરાને સાથે વાત થઈ હોવાનો ટ્રમ્પે દાવો કર્યો હતો, જોકે ઈરાને આ દાવો ખોટો ગણાવ્યો છે. ઈરાની સેનાએ દાવા અંગે કહ્યું કે, અમેરિકા પોતાની સાથે જ વાત કરી રહ્યું છે. તેઓ ઈરાનને બે વખત દગો આપી ચુક્યા છે અને હવે અમે આવું નહીં થવા દઈએ. ઈરાને ટ્રમ્પ પર વિશ્વાસ જ નથી.

અમેરિકાની વ્યૂહરચના પર અવિશ્વાસ વ્યક્ત કરી ઈરાને પાકિસ્તાનનો પ્રસ્તાવનો અસ્વિકાર કર્યો છે. મંગળવારે પાકિસ્તાનના વડાપ્રધાને મધ્ય-પૂર્વના યુદ્ધને ખતમ કરવાની અને ઈરાન-અમેરિકા વચ્ચે શાંતિ સ્થાપવાની વાત કરીહ તી. શરીફે એક્સ પર પોસ્ટ શેર કરીને લખ્યું હતું કે, 'પાકિસ્તાન અમેરિકા અને ઈરાન વચ્ચે અર્થપૂર્ણ અને નિર્ણાયક વાતચીત કરવા માટે તૈયાર છે. આવુ થશે તો અમને સન્માન અનુભવાશે.' ટ્રમ્પે પોતાના સત્તાવાર એકાઉન્ટ પર શરીફની પોસ્ટને રિપોસ્ટ પણ કરી હતી. પાકિસ્તાન અધિકારીઓને ટાંકીને મીડિયા રિપોર્ટમાં કહેવાયું છે કે, અમેરિકાએ યુદ્ધવિરામ માટે મોકલેલો ૧૫ શરતોનો પ્રસ્તાવ પણ ઈરાન ફગાવી દીધો છે. રિપોર્ટ મુજબ, ટ્રમ્પ યુદ્ધવિરામ પર ઈરાન સાથે વાતચીત કરવા માંગે છે. જોકે ઈરાની સેનાએ વાતચીત કરવાનો ઈકાર કરી દીધો છે. અમેરિકાએ ઈરાનને મોકલેલા ૧૫ શરતોના પ્રસ્તાવમાં ઈરાનને પ્રતિબંધમાંથી રાહત આપવાની, નાગરિક પરમાણુ ઊર્જામાં સહયોગ કરવાની, આંતરરાષ્ટ્રીય ઊર્જા એજન્સીની દેખરેખ હેઠળ ઈરાનને પરમાણુ કાર્યક્રમ ફરી શરૂ કરવાની મંજૂરી આપવાની, મિસાઈલ કાર્યક્રમને સીમિત કરવાની અને સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાંથી જહાજોની આવન-જાવન સરળ બનાવવી સહિતની બાબતોનો ઉલ્લેખ કરાયો છે. ઈઝરાયલી મીડિયા રિપોર્ટમાં પણ કહેવાયું છે કે, અમેરિકાએ ઈરાનને ૧૫ શરતોનો પ્રસ્તાવ મોકલ્યો છે.

ઈરાનને મોકલાયેલા પ્રસ્તાવમાં આ બાબતો સામેલ

સમજૂતી બાદ એક મહિનામાં યુદ્ધવિરામ પર ચર્ચા કરાશે.

ઈરાનની પરમાણુ હથિયાર બનાવવાની ક્ષમતા ખતમ કરવા પર વાતચીત

ઈરાન યૂરેનિયમ સંવર્ધન બંધ કરશે.

હોર્મુઝ જલડમરૂમધ્ય ખુલ્લો રખાશે અને આ જળમાર્ગમાંથી જહાજો સરળતાથી આવી-જઈ શકશે

ઈરાને પોતાના યુરેનિયમ સંવર્ધનની માહિતી આંતરરાષ્ટ્રીય ઊર્જા એજન્સીને સોંપવી પડશે.

આંતરરાષ્ટ્રીય ઊર્જા એજન્સીને દેખરેખ હેઠળ ઈરાને પોતાના પરમાણુ કેન્દ્રે (નતાંજ, ઈસ્ફહાન અને ફોર્ડો) નષ્ટ કરવા પડશે.

ઈરાને હમાસ, હિઝબુલ્લા જેવા સંગઠનોને સમર્થન આપવાનું બંધ કરવું પડશે.

ઈરાને પોતાની મિસાઈલ બનાવવાની સંખ્યા પણ મર્યાદિત કરવી પડશે. ઈરાને જે મિસાઈલો બનાવવાનો પ્રોગ્રામ ચલાવી રહ્યું છે, તેને પોતાની સુરક્ષા સુધી બનાવવા એટલે કે મર્યાદિત કરવા પડશે.

## સોનિયા ગાંધીની તબિયત લથડી, સર ગંગારામ હોસ્પિટલમાં દાખલ થયા



(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કોંગ્રેસના વરિષ્ઠ નેતા સોનિયા ગાંધીની તબિયત બગડતા તેમને દિલ્હીની સર ગંગારામ હોસ્પિટલમાં દાખલ કર્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, તેમને શ્વાસ લેવામાં તકલીફ અને જૂના બ્રોંકિયલ અસ્થમાની સમસ્યાના કારણે હોસ્પિટલમાં લાવવામાં આવ્યા છે.

હોસ્પિટલમાં તેમની સાથે રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી પણ હાજર છે. ચેસ્ટ મેડિસિન નિષ્ણાતની એક ટીમ તેમની તપાસ કરી રહી છે. જોકે હોસ્પિટલ મેનેજમેન્ટ અને પાર્ટી સૂત્રોનું કહેવું છે કે તેમની સ્થિતિ વર્તમાનમાં સ્થિર છે અને તેમને સાવધાની તરીકે દેખરેખ હેઠળ રાખવામાં આવ્યા છે. ૭૯ વર્ષીય સોનિયા ગાંધી છેલ્લા કેટલાક સમયથી પ્રદૂષણના કારણે સતત ખાંસીની સમસ્યાથી પીડિત હતા.

કોંગ્રેસના વરિષ્ઠ નેતા સોનિયા ગાંધીની મેડિકલ હિસ્ટ્રી છેલ્લા કેટલાક વર્ષોમાં શ્વસન સંબંધિત સમસ્યાઓ અને સંક્રમણ સાથે જોડાયેલી રહી છે. ૭૯ વર્ષિય સોનિયા ગાંધીના સ્વાસ્થ્ય પર દિલ્હીના વધતા પ્રદૂષણ અને મૌસમના બદલાવની ગંભીર અસર જોવા મળી રહી છે. સોનિયા ગાંધી લાંબા સમયથી બ્રોંકિયલ અસ્થમા અને ક્રોનિક કફ સાથે જોડાયેલી રહી છે. દિલ્હીની ઝેરી હવા અને ઠંડી તેમના ફેફસામાં સંક્રમણ વધારે છે. જાન્યુઆરી ૨૦૨૬માં પણ તેમને આ જ કારણે ૬ દિવસ સુધી સર ગંગારામ હોસ્પિટલમાં દાખલ રહેવું પડ્યું હતું. જૂન ૨૦૨૨માં સોનિયા ગાંધીને કોરોના થયો હતો. ત્યારબાદ તેમના લોવર રેસ્પિરેટરી ટ્રેક્ટમાં ફંગલ ઈન્ફેક્શન થયું હતું. આ કારણે તેમને લાંબા સમય સુધી ડોક્ટરની દેખરેખ હેઠળ રહેવું પડ્યું હતું અને તેમના ફેફસાં પર તેની કાયમી અસર થઈ છે. શ્વાસની સમસ્યાઓ સિવાય, સોનિયા ગાંધીને વારંવાર પેટમાં ઈન્ફેક્શન થતું રહે છે. જૂન ૨૦૨૫ અને ફેબ્રુઆરી ૨૦૨૪માં તેમને ગેસ્ટ્રોએન્ટરોલોજી વિભાગમાં દાખલ કરવામાં આવ્યા હતા. ડોક્ટરોના જણાવ્યા મુજબ, ઉંમર વધતા તેમના પાચનતંત્રમાં સંવેદનશીલતા વધી છે.

વર્ષ ૨૦૧૧માં સોનિયા ગાંધીની અમેરિકા ખાતે મોટી સર્જરી કરવામાં આવી હતી, જેને ખૂબ જ ગુપ્ત રાખવામાં આવી હતી. ત્યારથી તેઓ નિયમિત ચેકઅપ માટે વિદેશ જતી રહે છે.

### કોંગ્રેસ સરકાર પાસેથી કામચલાઉ મુદત માંગી શકે છે

## કોંગ્રેસને દિલ્હીની વર્ષો જુની પાર્ટી ઓફિસ ખાલી કરવા મળી નોટિસ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કોંગ્રેસ અને ગાંધી પરિવારને મોટો ઝટકો લાગ્યો છે. સુત્રો તરફથી માહિતી મળી છે કે, કોંગ્રેસ પાર્ટીને દિલ્હીમાં તેના રાષ્ટ્રીય મુખ્યાલય, ૨૪ અકબર રોડ અને ૫ રાયસીના રોડ પરથી ખાલી કરાવવાની નોટિસ મળી છે. બંને જગ્યાઓ ખાલી કરવાની અંતિમ તારીખ ૨૮ માર્ચ નક્કી કરવામાં આવી છે.

૨૪ અકબર રોડ અને ૫ રાયસીના રોડ પરની જગ્યા ખાલી કરવાની નોટિસ મળ્યા બાદ, કોંગ્રેસ કાનૂની વિકલ્પો શોધી રહી હોવાનું કહેવાય છે.

એક વરિષ્ઠ નેતાએ મીડિયાને આપેલી માહિતીમાં આ નોટિસ થોડા દિવસો પહેલા મળી હતી.

કોંગ્રેસના એક નેતાએ કહ્યું, અમે અમારી પાસે ઉપલબ્ધ કાનૂની વિકલ્પો શોધી રહ્યા છીએ, પરંતુ આ વખતે સરકાર ગયા વખત કરતાં વધુ આક્રમક છે.

કોંગ્રેસ આ જગ્યાઓ ખાલી કરવા માટે નોટિસ પર સરકાર પાસેથી કામચલાઉ મુદત પણ માંગી શકે છે. પાર્ટીની રણનીતિ એ છે કે આ દરમિયાન રાજ્યસભા દ્વારા એક વરિષ્ઠ નેતાને ગૃહમાં લાવવામાં આવે. જો પાર્ટી આટલા મોટા બંગલા માટે લાયક નેતાને ચૂંટવામાં સફળ થાય છે, તો આ જગ્યાઓ ખાલી કરાવવાનું હાલ પૂરતું ટાળી શકાય છે.

વાસ્તવમાં, નિયમ એ છે કે કોઈપણ રાજકીય પક્ષને પોતાનું નવું મુખ્યાલય બનાવવા માટે જમીન મળ્યા પછી, તેણે તેના જૂના સરકારી બંગલા ખાલી કરવા પડશે. કોંગ્રેસને તેનું નવું મુખ્યાલય બનાવવા માટે દીનદયાળ ઉપાધ્યાય માર્ગ પર જમીન આપવામાં આવી હતી. પરિણામે, એસ્ટેટ ડિરેક્ટોરેટે ઘણા સમય પહેલા ૨૪ અકબર રોડ અને ૫ રાયસીના રોડ પર જગ્યાની ફાળવણી રદ કરી દીધી હતી.

કોંગ્રેસ દાયકાઓથી ૨૪ અકબર રોડ સાથે સંકળાયેલી છે. તેથી, જો કોંગ્રેસને કોર્ટ તરફથી સ્ટે નહીં મળે અથવા સરકાર ૨૮ માર્ચ સુધીમાં રાહત નહીં આપે, તો પાર્ટીએ આ દાયકાઓ જૂના અને ઐતિહાસિક સ્થળો ખાલી કરવા પડશે.

### રિફિલ બુકિંગની સમયમર્યાદામાં કોઈ ફેરફાર નથી

## ૩૫ નહીં, ૨૫ દિવસમાં જ મળશે શહેરોમાં સિલિન્ડર



(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કેન્દ્ર સરકારે LPG સિલિન્ડર બુકિંગની સમયમર્યાદામાં ફેરફાર અંગે વાયરલ થતા સમાચારોને સંપૂર્ણપણે ફગાવી દીધા છે. પેટ્રોલિયમ મંત્રાલયે સ્પષ્ટતા કરી છે કે બુકિંગના નિયમોમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી અને હાલની સિસ્ટમ યથાવત છે.

મંત્રાલયના જણાવ્યા અનુસાર, કેટલાક મીડિયા અહેવાલો અને સોશિયલ મીડિયા પોસ્ટ્સમાં દાવો કરવામાં આવી રહ્યો હતો કે પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના (PMUY) કનેક્શન માટે ૪૫ દિવસ, નોન-PMUY સિંગલ સિલિન્ડર કનેક્શન માટે ૨૫ દિવસ અને ડબલ સિલિન્ડર કનેક્શન માટે ૩૫ દિવસની નવી સમયમર્યાદા લાગુ કરવામાં આવી છે. સરકારે આ દાવાઓને ભ્રામક અને ખોટા ગણાવ્યા છે.

મંત્રાલયે જણાવ્યું હતું કે LPG રિફિલ બુકિંગ માટેની હાલની સમયમર્યાદા પહેલાની જેમ જ અમલમાં રહેશેઃ શહેરી વિસ્તારોમાં ૨૫ દિવસ અને ગ્રામીણ વિસ્તારોમાં ૪૫ દિવસ, જે તમામ પ્રકારના જોડાણો પર સમાન રીતે લાગુ પડે છે. સરકારે નાગરિકોને આવી અફવાઓ પર વિશ્વાસ ન કરવા અથવા તેને વાયરલ ન કરવા અપીલ કરી છે. વધુમાં, ગ્રાહકોને LPGનું બિનજરૂરી અથવા ગભરાટ ભર્યું બુકિંગ ટાળવાની સલાહ આપવામાં આવે છે.

મંત્રાલયે ગ્રાહકોને ખાતરી પણ આપી હતી કે દેશમાં પૂરતા પ્રમાણમાં LPG ભંડાર છે અને કોઈ અછતની શક્યતા નથી, તેથી ગ્રાહકોએ ચિંતા કરવાની જરૂર નથી. સરકારે સ્પષ્ટતા કરી છે કે દેશમાં LPG ની કોઈ અછત નથી. પૂરતો સ્ટોક ઉપલબ્ધ છે અને ઘરેલું જરૂરિયાતોને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. તેથી, જો તમને ગેસ બુક કરવામાં સમસ્યા આવે તો ગભરાવાની જરૂર નથી. જો તમારું બુકિંગ નિષ્ફળ જાય તો તમે યોગ્ય પ્લેટફોર્મ પર ફરિયાદ કરી શકો છો. ગેસ એજન્સી તમારી વાત સાંભળી રહી નથી અથવા જાણી જોઈને તમારી વિનંતીમાં વિલંબ કરી રહી છે, તો તમે સીધી PG પોર્ટલ પર ફરિયાદ નોંધાવી શકો છો. આ એક સરકારી પ્લેટફોર્મ છે જ્યાં તમારી ફરિયાદ સીધી સંબંધિત વિભાગ સુધી પહોંચે છે અને તેની તાત્કાલિક પ્રક્રિયા કરવામાં આવે છે.

## ઈરાને અમેરિકાને આપી કિંમતી ભેટ, પરમાણુ હથિયાર ન રાખવા પણ સહમતઃ ટ્રમ્પનો ફરી મોટો દાવો

**પત્રકારો સાથે વાત કરતા યુએસ પ્રમુખ ટ્રમ્પે દાવો કર્યો છે કે ઈરાન હવે અમેરિકા સાથે કરાર કરવા માટે આતુર છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

મિડલ ઈસ્ટના ભીષણ જંગ વચ્ચે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના સૂર અચાનક બદલાયા છે.

ઓવલ ઓફિસમાં પત્રકારો સાથે વાત કરતા ટ્રમ્પે દાવો કર્યો છે કે ઈરાન હવે અમેરિકા સાથે કરાર કરવા માટે આતુર છે અને તેણે ભવિષ્યમાં ક્યારેય પણ પરમાણુ હથિયાર ન રાખવાની તૈયારી દર્શાવી છે. જોકે, ઈરાન તરફથી હજુ સુધી આ અંગે કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી. ટ્રમ્પે રહસ્યમય રીતે જણાવ્યું કે ઈરાની નેતૃત્વએ અમેરિકાને એક મોટી ભેટ મોકલી છે, જેની કિંમત ઘણી વધારે છે. આ ભેટ હોર્મુઝની સામુદ્રધુની અને તેલ પુરવઠા સાથે જોડાયેલી છે.

ટ્રમ્પે સ્પષ્ટતા કરી કે, "તે કોઈ પરમાણુ હથિયાર નથી, પરંતુ તે તેલ અને ગેસ સાથે જોડાયેલી અત્યંત મહત્વની બાબત છે. આ ભેટ પરથી સાબિત થાય છે કે અમે યોગ્ય લોકો સાથે વાતચીત કરી રહ્યા છીએ." પોતાની લાક્ષણિક શૈલીમાં ટ્રમ્પે દાવો કર્યો કે અમેરિકાએ ઈરાન સામેનો જંગ જીતી લીધો છે. તેમણે કહ્યું કે ઈરાન પાસે હવે અમેરિકાના વિમાનોને રોકવાની કોઈ ક્ષમતા રહી નથી અને તેહરાન પર અમેરિકાના વિમાનો સતત ઉડી રહ્યા છે. ટ્રમ્પના મતે, જો અમેરિકાએ હુમલો ન કર્યો હોત તો ઈરાન બે અઠવાડિયામાં જ પરમાણુ શક્તિ બની ગયું હોત અને તેનો ઉપયોગ ઈઝરાયલ સહિત સમગ્ર મિડલ ઈસ્ટ પર કરી શક્યું હોત. આ શાંતિ કરાર માટે ટ્રમ્પે પોતાની ખાસ ટીમ મેદાને ઉતારી છે, જેમાં ઉપરાષ્ટ્રપતિ જે.ડી. વેન્સ, વિદેશ મંત્રી માર્કો રુબિયો, સ્ટીવ વિટકોફ અને જેરેડ કુશનરનો સમાવેશ થાય છે. આ ટીમ ઈરાન સાથે યુદ્ધ વિરામ અને તેલ પુરવઠાને પુનઃસ્થાપિત કરવા માટે સતત સંપર્કમાં હોવાનો દાવો કરવામાં આવ્યો છે.




# તંત્રી લેખ......

## ધાર્મિક જૂથો પણ એક થઈ રહ્યા છે

પશ્ચિમ એશિયામાં સંઘર્ષ હવે ઈરાન અને ઈઝરાયલ અથવા તેહરાન અને વોશિંગ્ટન વચ્ચેના સંઘર્ષ સુધી મર્યાદિત નથી રહ્યો. આ સંઘર્ષ હવે વધુ ખતરનાક અને બહુ-સ્તરીય બની રહ્યો છે. વર્ગ ઓળખ, વૈચારિક કાયદેસરતા અને વ્યૂહાત્મક તકવાદ જેવા પરિબળો સાથે ભળી રહેલા ભૌગોલિક રાજકીય સ્પર્ધા પણ વધુને વધુ સામેલ થઈ રહી છે. આ સંઘર્ષનો વ્યાપ ગાઝાની શેરીઓથી લઈને પાકિસ્તાનના આદિવાસી વિસ્તારો સુધી વિસ્તર્યો છે. શિયા-સુન્ની સંઘર્ષની રેખાઓ પણ વિસ્તરી રહી છે. એ કોઈ રહસ્ય નથી કે ૧૯૭૯ ની ઈસ્લામિક ક્રાંતિ પછી, ઈરાને તેની સરહદોની બહાર પોતાનો વૈચારિક પ્રભાવ વિસ્તારવા માટે તમામ પ્રયાસો કર્યા છે.

આ પ્રદેશની વસ્તી મુખ્યત્વે સુન્ની હોવાથી, શિયા-પ્રભુત્વ ધરાવતા ઈરાનને વૈચારિક કાયદેસરતા માટે સંઘર્ષ કરવો પડ્યો છે. તેના વૈચારિક પ્રભાવમાં આવતા અવરોધોનો સામનો કરવા માટે, તેણે પેલેસ્ટિનિયન સંઘર્ષ જેવી માંગણીઓ સાથે પોતાને જોડ્યા, વૈચારિક વિભાજન માટે કોઈ જગ્યા છોડી નહીં. આ માટે, તે ચોક્કસ સંગઠનોને પોષવામાં અચકાયો નહીં. આનાથી ઈરાનના નેતૃત્વમાં શિયા સંગઠનોનું નેટવર્ક ઉભરી આવ્યું, જ્યારે બીજી તરફ, સાઉદી અરેબિયા અને સંયુક્ત આરબ અમીરાત જેવા સુન્ની-પ્રભુત્વ ધરાવતા ગલ્ફ રાજાશાહીઓ હતા. યુએસ સુરક્ષા માળખા પર આધાર રાખતા આ દેશો સમય જતાં ઈઝરાયલની નજીક પણ ગયા છે. બંને શિબિરો વચ્ચેનો આ વિભાજન માત્ર ધાર્મિક જ નહીં પણ ભૂ-રાજકીય પણ છે.

પશ્ચિમ એશિયામાં સંઘર્ષ ધાર્મિક માન્યતાઓ કરતાં રાજકીય હિતો અને સત્તા સંતુલનમાં વધુ મૂળ ધરાવે છે. સુન્ની દેશો ઈરાનને વિસ્તરણવાદી વૈચારિક ખતરો માને છે, જે વિવિધ સંગઠનો દ્વારા પોતાનો પ્રભાવ વધારવા અને તેની પકડ મજબૂત કરવા માંગે છે. દરમિયાન, ઈરાન સુન્ની દેશોને પશ્ચિમી શક્તિઓના પ્રોક્સી તરીકે જુએ છે જે તેના પ્રભાવને મર્યાદિત કરવા માંગે છે. આ સંઘર્ષનો મુખ્ય વિરોધાભાસ છેઃ જ્યારે શિયા શિબિર સુન્ની અસંતોષથી શક્તિ મેળવે છે, ત્યારે સુન્ની શાસન એ જ પશ્ચિમી સમર્થિત પ્રણાલીને ટેકો આપે છે, જેનો ઘણીવાર તેના પોતાના લોકો દ્વારા વિરોધ કરવામાં આવે છે.

ઈરાન સામે કોઈપણ જમીની અથવા મોટા પાયે યુએસ-ઈઝરાયલી લશ્કરી કાર્યવાહી ૨૦૦૩ ના ઈરાક યુદ્ધ કરતાં વધુ જટિલ હશે. તેમને ત્રણેય સ્તરે સખત પ્રતિકારનો સામનો કરવો પડશેઃ ભૌગોલિક, લશ્કરી અને વૈચારિક. ઈરાન ઈરાક જેવું નથી. તે ઘણું મોટું, વધુ સામાજિક રીતે સંગઠિત અને મૂળભૂત રીતે સંયુક્ત રાષ્ટ્ર છે. તે મજબૂત સ્થાનિક લશ્કરી દળો પણ ધરાવે છે, જે એકસાથે અનેક મોરચાઓ ચલાવવા માટે સક્ષમ છે. ઈરાનની પૂર્વ સરહદ પાકિસ્તાન અને અફઘાનિસ્તાનની સરહદે છે. સુન્ની બળવાખોરોના ગઢ તરીકે, તે ઉગ્રવાદી પ્રવૃત્તિનું કેન્દ્ર રહ્યું છે આઈએસઆઈએસ-ખોરાસન અને જૈશ અલ-અદલ જેવા સંગઠનો આ પ્રદેશમાં સક્રિય છે.

આ જૂથો કટ્ટરપંથી શિયા વિરોધની ભૂમિ પર ખીલ્યા છે અને ઈરાનનો વિરોધ કરે છે. આ જૂથો વૈકલ્પિક દબાણ વ્યવસ્થા બનાવી શકે છે. તેના પશ્ચિમી મોરચે ઈરાનના મજબૂત કિલ્લેબંધીનો સામનો કરવાને બદલે, તેની પૂર્વીય સરહદ પર અસ્થિરતા ઊભી થઈ શકે છે. આનાથી ઈરાનના સુરક્ષા માળખા પર દબાણ વધશે. ઈરાને તેના લશ્કરી સંસાધનો તેની પૂર્વીય સરહદ પર કેન્દ્રિત કરવા પડશે, જેનાથી અન્ય મોરચે તેની નબળાઈઓ વધુ ખરાબ થશે. અમેરિકાએ સોવિયેત-અફઘાન યુદ્ધ દરમિયાન સમાન યુક્તિઓનો ઉપયોગ કર્યો હતો, લશ્કરી હસ્તક્ષેપ વિના વ્યૂહાત્મક લાભ મેળવ્યો હતો. જોકે, આજે પરિસ્થિતિ ઓછી અનુકૂળ છે. તેનાથી વિપરીત, અફઘાનિસ્તાન અને પાકિસ્તાનમાં કાર્યરત આતંકવાદીઓમાં એકતાનો અભાવ છે. તેમને નિયંત્રિત કરવા મુશ્કેલ છે. એકવાર સક્રિય થયા પછી, તેમને નિષ્ક્રિય કરવા વધુ મુશ્કેલ છે. ક્યારેક, તેઓ એક ભયંકર બળ સાબિત થાય છે.

પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે ચાલી રહેલા સંઘર્ષે આ પહેલાથી જ જટિલ પરિસ્થિતિને વધુ જટિલ બનાવી દીધી છે. પાકિસ્તાન માટે, વર્તમાન પરિસ્થિતિ તેની ભૂ-રાજકીય સુસંગતતા પાછી મેળવવાની બાબત પણ છે. પાછળ જોતાં, પાકિસ્તાન આવી તકોનો લાભ લેવામાં માહિર રહ્યું છે. સોવિયેત-અફઘાન યુદ્ધમાં તેના સહયોગના બદલામાં, તેને વોશિંગ્ટન તરફથી અનેક વ્યૂહાત્મક અને આર્થિક લાભો મળ્યા.

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોનાના વાયદામાં રૂ.૫૮૮૩ અને ચાંદીના વાયદામાં રૂ.૧૨૪૮૭નો ઉછાળોઃ ક્રૂડ તેલનો વાયદો રૂ.૫૨૧ લપસ્યો

### કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૪૨૧૭.૫૭ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૯૮૧૨૦.૩૧ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૨૫૩૨૯.૭૧ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૫૩૬૦ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૨૩૨૩૩૮.૩૧ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૪૨૧૭.૫૭ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૧૯૮૧૨૦.૩૧ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ એપ્રિલ વાયદો ૩૫૩૬૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૨૯૪૦.૪૧ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૨૫૩૨૯.૭૧ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૪૩૦૭૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૪૪૭૯૯ અને નીચામાં રૂ.૧૪૩૦૭૯ના સ્તરને સ્પર્શી, રૂ.૧૩૮૯૧૨ના આગલા બંધ સામે રૂ.૫૮૮૩ના ઉછાળા સાથે રૂ.૧૪૪૭૯૫ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-ગિની માર્ચ વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૩૭૪૧ વધી રૂ.૧૧૭૨૯૭ થયો હતો. ગોલ્ડ-પેટલ માર્ચ વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૫૪૦ વધી રૂ.૧૪૭૪૨ થયો હતો. સોનું-મિની એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૬૯૩ વધી રૂ.૧૪૪૮૦૦ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ટેન માર્ચ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૯૯૯૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૪૬૪૦૦ અને નીચામાં રૂ.૧૩૯૯૯૯ના મથાળે અથડાઈ, રૂ.૧૩૯૩૧૧ના આગલા બંધ સામે રૂ.૫૬૧૪ વધી રૂ.૧૪૪૯૨૫ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો કિલોદીઠ રૂ.૨૩૨૮૯૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૩૭૩૫૦ અને નીચામાં રૂ.૨૩૨૮૯૮ના મથાળે અથડાઈ, રૂ.૨૨૩૯૪૧ના આગલા બંધ સામે રૂ.૧૨૪૮૭ના ઉછાળા સાથે રૂ.૨૩૬૪૨૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની એપ્રિલ વાયદો રૂ.૧૨૦૦૭ વધી રૂ.૨૪૦૦૯૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો એપ્રિલ વાયદો રૂ.૧૧૯૯૦ વધી રૂ.૨૪૦૨૦૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૩૩૩૩.૬૯ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું માર્ચ વાયદો રૂ.૧૬.૭૫ વધી રૂ.૧૧૩૬.૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જસત માર્ચ વાયદો રૂ.૧.૭૫ વધી રૂ.૩૧૦.૩૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ માર્ચ વાયદો રૂ.૨.૫ વધી રૂ.૩૩૪.૧ના સ્તરે પહોંચ્યો હતો. સીસું માર્ચ વાયદો ૬૫ પૈસા વધી રૂ.૧૮૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.


એનર્જી સેગમેન્ટમાં રૂ. ૫૨૦૩.૫૯ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી માર્ચ વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૦૮૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૦૮૭ અને નીચામાં રૂ.૩૯૬૪ના મથાળે અથડાઈ, રૂ.૩ ઘટી રૂ.૪૦૨૯ થયો હતો. ક્રૂડ તેલ એપ્રિલ વાયદો બેરલદીઠ રૂ.૮૫૩૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૮૫૩૦ અને નીચામાં રૂ.૮૧૭૫ના સ્તરને સ્પર્શી, રૂ.૮૭૩૬ના આગલા બંધ સામે રૂ.૫૨૧ ઘટી રૂ.૮૨૧૫ થયો હતો. ક્રૂડ તેલ-મિની એપ્રિલ વાયદો રૂ.૫૧૫ ઘટી રૂ.૮૨૨૨ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ માર્ચ વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૬.૨ ઘટી રૂ.૨૭૧.૪ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ-મિની માર્ચ વાયદો રૂ.૬.૧ ઘટી રૂ.૨૭૧.૩ થયો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૧૦૦૨.૧ના ભાવે ખૂલી, ૬૦ પૈસા ઘટી રૂ.૯૯૧.૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કોટન માર્ચ વાયદો રૂ.૨૩૦ વધી રૂ.૨૬૪૦૦ના સ્તરે પહોંચ્યો હતો. એલચી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૨૩૮૫ના ભાવે ખૂલી, રૂ.૯૬ ઘટી રૂ.૨૩૧૪ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૭૯૨૮.૨૧ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૭૪૦૧.૫૦ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૨૭૮૦.૮૯ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૨૭૪.૦૩ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૨૦.૫૯ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૨૫૮.૧૮ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૩૧.૪૫ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૩૯૭૬.૮૫ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૧૯૫.૨૯ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૮૩૬૩ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૫૭૨૪૩ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૮૨૯૮ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૩૬૬૨૮૬ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૬૪૭૭૨ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૭૦૨૩ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૧૯૫૫૮ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૭૨૨૨૬ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૪૯૦ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૯૪૫૯ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૭૧૮૮ લોટના સ્તરે રહ્યો હતો.




ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ એપ્રિલ વાયદો ૩૫૧૩૧ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૫૪૭૩ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૫૧૩૧ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૧૨૫૨ પોઈન્ટ વધી ૩૫૩૬૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ એપ્રિલ રૂ.૧૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૫૮.૨ ઘટી રૂ.૨૮૦.૮ થયો હતો. જ્યારે નેચરલ ગેસ એપ્રિલ રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૩.૧૫ ઘટી રૂ.૨૧.૪૫ થયો હતો.

સોનું એપ્રિલ રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૦૬૫ વધી રૂ.૫૩૧૪.૫ થયો હતો. આ સામે ચાંદી માર્ચ રૂ.૨૮૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૨ ઘટી રૂ.૬૧.૫ થયો હતો. તાંબું એપ્રિલ રૂ.૧૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૩.૮૪ વધી રૂ.૨૦.૧૨ના ભાવે બોલાયો હતો. જસત મે રૂ.૩૪૨.૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૨.૧ ઘટી રૂ.૦.૭૪ થયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ એપ્રિલ રૂ.૭૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૮૩.૪ વધી રૂ.૨૬૭ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ એપ્રિલ રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૩.૩૫ વધી રૂ.૨૧.૭ના ભાવે બોલાયો હતો. સોનું એપ્રિલ રૂ.૧૪૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૪૩૫ ઘટી રૂ.૩૨૧૯ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી માર્ચ રૂ.૨૩૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૭૩૨૯ ઘટી રૂ.૨૧૦૦ના ભાવે બોલાયો હતો. તાંબું એપ્રિલ રૂ.૧૧૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૭.૬૯ ઘટી રૂ.૧૭.૮૧ થયો હતો. જસત એપ્રિલ રૂ.૨૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૩ પૈસા વધી રૂ.૧.૫ના ભાવે બોલાયો હતો.

# ગુજરાતમાં પાઠયપુસ્તક મંડળમાં કાગળ ખરીદીમાં ગેરરીતી ની ફરીયાદઃ ધારાસભ્ય જિગ્નેશ મેવાણીના સવાલ પર સરકારે વિગતો રજુ કરી

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત વિધાનસભાનુ બજેટસત્રનો આજે અંતિમ દિવસ હતો. અંતિમ દિવસે આજે મંગળવારે ગૃહમાં અતરાંકીત પ્રશ્નો ચોંકાવનારી વિગતો બહાર આવી હતી. જે અંતર્ગત આજે મંગળવારે ગુજરાત રાજય પાઠય પુસ્તક મંડળ દ્વારા શાળાના વિદ્યાર્થીઓ માટે પાઠય પુસ્તકો છાપવા માટે કરવામાં આવતી કાગળની ખરીદીમાં ગેરરીતી થઈ હોવાની ફરીયાદ ઉઠી હતી. વડગામના ધારાસભ્ય જિગ્નેશ મેવાણી દ્વારા પુછવામાં આવેલા અતરાંકીત પ્રશ્ન પુછયો હતો. જેના જવાબમાં શિક્ષણમંત્રી વિધાનસભા ગૃહમાં માહિતી રજુ કરતા જણાવ્યુ હતુ કે ધારાસભ્ય



દ્વારા પુછવામાં આવ્યુ હતુ કે શું પાઠયપુસ્તક છાપવા માટે હલકી ગુણવત્તાના કાગળ ખરીદીને ગેરરીતી આચરવામાં આવી છે. અને શું સરકાર આ બાબતે વાકેફ છે ? આ પ્રશ્નના લેખિત જવાબમાં સરકારે સ્વીકાર્યુ હતુ કે કાગળો ખરીદવાની ગેરરીતીની ફરીયાદ બાબતે હકીકત લક્ષી અહેવાલ સરકારના ધ્યાન પર મુકવામાં આવ્યો છે. જે મુજબ મંડળ દ્વારા વિવિધ ખાનગી પેપર મીલો પાસેથી મોટા પ્રમાણમાં કાગળની ખરીદી કરવામાં આવી છે. જેમાં વર્ષ ૨૦૨૩-૨૪ માં મંગલ પેપર મીલ પ્રા.લી. , વિશાલ પેપર્સ ઈન્ડસ્ટ્રીઝ પ્રા.લી. અને કાત્યાય ની પેપર મીલ પાસેથી કુલ ૨૫ હજાર મેટ્રીક ટન કાગળની ખરીદી કરવામાં આવી હતી. આ ખરીદી પ્રતિ મેટ્રીક ટન ૩,૫૮,૮૦૦ ના ભાવે કરવામાં આવી હતી. ઉપરાંત વર્ષ ૨૦૨૪-૨૫ માં લુ પેપર મીલ લી. અને ચકકા પેપર લી.પાસેથી ૨૦ હજાર મેટ્રીક ટન કાગળની ખરીદી કરવામાં આવી હતી. જેનો ભાવ પ્રતિ મેટ્રીક ટન ૩,૫૩,૫૦૦ હતો.

જો કે પ્રિન્ટીંગ પ્રેસોને કરોડોની ચુકવણી અંતર્ગત વિગતો અનુસાર કાગળની ખરીદી ઉપરાંત પાઠયપુસ્તકોના છાપકામ માટે પણ સરકારે મોટી રકમ ખર્ચી છે. વર્ષ ૨૦૨૩-૨૪ માં અંદાજે ૩૩,૨૪, ૦૭, ૪૨૭ ચુકવવામાં આવી હતી. જયારે વર્ષ ૨૦૨૪-૨૫ માં અંદાજે ૩૦,૦૫,૫૩,૮૬૪ ની ચુકવણી કરવામાં આવી હતી. હાલમાં પાઠયપુસ્તક મંડળમાં કુલ ૩૮ પ્રિન્ટીંગ પ્રેસો એમ્પેનલ થયા છે. અને કાર્યરત છે, રાજયના શિક્ષણ વિભાગ હસ્તકના આ મંડળમાં કાગળની ખરીદીમાં થયેલી કથિત ગેરરીતીનો અહેવાલ સરકાર સુધી પહોચતા હવે આ મામલે કેવા પગલા લેવાય છે. તેના પર સૌની નજર રહેશે.

### ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - બુધવાર, ૨૫/૦૩/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | ઘઉં | ૪૬૭૩ | ૪૦૦.૦૦ | ૬૭૧.૦૦ |
| ૨ | મગફળી | ૦ | ૧,૦૦૦.૦૦ | ૧,૫૦૦.૦૦ |
| ૩ | એરંડા | ૨૫૦ | ૧,૨૯૫.૦૦ | ૧,૩૧૧.૦૦ |
| ૪ | બાજરી | ૦ | ૪૦૦.૦૦ | ૪૪૫.૦૦ |
| ૫ | મકાઇ | ૮૦ | ૩૬૦.૦૦ | ૪૦૦.૦૦ |
| ૬ | ચણા | ૯૨ | ૯૭૦.૦૦ | ૧,૦૫૧.૦૦ |
| ૭ | ચણા ( કાબુલી ) | ૧૧૦ | ૧,૪૦૦.૦૦ | ૧,૬૭૫.૦૦ |
| ૮ | સોયાબીન | ૦ | ૯૮૦.૦૦ | ૧,૦૧૦.૦૦ |

મુનિમજી સોફટવેર

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

# કેગના રીપોર્ટમાં મોટો ખુલાસોઃ ગુજરાત સરકારના માથે રૂ.૩.૮૦ લાખ કરોડ દેવું પહોચ્યુંઃ જાહેર દેવામાં ગત વર્ષ કરતા ચાલુ વરસે ૨૨ હજાર કરોડ નો દેવામાં વધારો

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત વિધાનસભાના બજેટસત્ર દરમિયાન આજે કેગ નો રીપોર્ટ જાહેર કરાયો હતો. વર્ષ ૨૦૨૪-૨૫ નો મહત્વનો કેગ નો રીપોર્ટ ગૃહના ટેબલ પર મુકવામાં આવ્યો હતો. આ અહેવાલમાં રાજયની આર્થિક સ્થિતિ અને વધતા જતા દેવા અંગે કેટલાક ચોંકાવનારા આંકડાઓ બહાર આવ્યા છે.

રીપોર્ટ અનુસાર ગુજરાતના જાહેર દેવામાં નોંધપાત્ર વધારો થયો છે જે રાજયની તીજોરી પરના ભારણને સ્પષ્ટપણે દર્શાવે છે. વિકાસશીલ ગુજરાતના ગાણા ગાતી ભાજપની એક વરવી વસ્તાવિકતા બહાર આવી છે. ગુજરાત વિધાનસભામાં રજુ કરાયેલા કેગ રીપોર્ટના અહેવાલ મુજબ ગુજરાતનુ કુલ જાહેર દેવું હવે ૩.૮૦ લાખ કરોડ પર પહોચી ગયુ છે. સૌથી ચિંતાજનક બાબત એ છે કે ગત વર્ષની સરખામણીએ જાહેર દેવામાં ૨૨ હજાર કરોડ રૂપીયાનો વધારો નોંધાયો છે. આ આંકડાઓ રાજયની વધતી જતી નાણાંકીય જવાબદારીઓ તરફ ઈશારો કરે છે. ૨૦૨૪-૨૫ માં ગુજરાતનુ જાહેર દેવું આશરે ૩.૮૦ લાખ કરોડ પર પહોચ્યું છે. એટલે કે ગત વર્ષ કરતા જાહેર દેવામાં ૨૨ હજાર કરોડનો વધારો જોવા મળ્યો છે. હાલ દરેક ગુજરાતીના માથે આશરે રૂપીયા ૬૬ હજારનુ દેવું છે.

રાજય સરકાર દ્વારા લેવામાં આવતી બજાર લોનમાં પણ મોટો ઉછાળો જોવા મળ્યો છે. સરકાર દ્વારા લેવામાં આવેલી કુલ બજાર લોનનો આંકડો ૩.૧૧ લાખ કરોડને પાર પહોચી ગયો છે. જે ગત વર્ષની સરખામણીમાં બજાર લોનમાં પણ ૧૬ હજાર કરોડ રૂપીયાનો તોતીંગ વધારો નોંધાયો છે. રાજય સરકાર પોતાની વિકાસ યોજનાઓ અને ખર્ચને પહોચી વળવા માટે બજારમાંથી વધુ ધિરાણ લઈ રહી હોવાનો કેગ ના રીપોર્ટમાં ખુલાસો થયો છે. ૨૦૨૦-૨૧ માં રાજયનુ દેવું ૨,૯૮,૮૧૦ કરોડ હતું. જે ૨૦૨૫-૨૬ માં વધીને ૩,૯૯,૦૦૦ કરોડ પર પહોચ્યુ હતું. ૨૦૨૧-૨૨ માં ૩,૦૮.૩૦૨ કરોડ, ૨૦૨૨-૨૩ માં ૩,૩૯,૬૮૩ કરોડ, ૨૦૨૩-૨૪ માં ૩,૮૯,૩૮૧ કરોડ હતું. ૨૦૨૪-૨૫ માં દેવું ઘટીને ૩.૮૦ કરોડ થયુ હતું.

ગૃહમાં રજુ કરાયેલા કેગ ના રીપોર્ટમાં ગુજરાતમાં માત્ર દેવું જ નહી




પરંતુ કેન્દ્ર સરકાર તરફથી મળતી ગ્રાન્ટ અને સહાયમાં થયેલા ઘટાડા પર પણ પ્રકાશ પાડવામાં આવ્યો છે. વિવિધ મહત્વની યોજનાઓ માટે કેન્દ્ર તરફથી મળતા નાણાંમાં મોટી કપાત જોવા મળી છે. જેના કારણે રાજય સરકાર બજારમાંથી લોન લઈ રહી છે.

કેગ ના રીપોર્ટમાં જણાવાયુ છે કે આદિજાતિ વિસ્તારોના વિકાસ માટે કેન્દ્રીય પુરસ્કૃત યોજનાઓમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. વર્ષ ૨૦૨૩-૨૪ માં રૂપીયા ૧,૫૯૦.૧૭ કરોડ મળ્યા હતા. જયારે વર્ષ ૨૦૨૪-૨૫ માં ઘટીને માત્ર ૧,૩૬૩ કરોડ રૂપીયા થયા, આ બંને વર્ષમાં મોટો તફાવત જોવા મળ્યો છે અને ફલીત થાય છે કે ગત વર્ષ કરતા રૂપીયા ૨૨૬.૫૬ કરોડ રૂપીયા ઓછા મળ્યા છે. કેગ ના રીપોર્ટમાં કેન્દ્રીય પુરસ્કૃત યોજનાઓ માટે વર્ષ ૨૦૨૩-૨૪ માં ૭,૫૪૦ કરોડની ફાળવણી થઈ હતી. જયારે વર્ષ ૨૦૨૪-૨૫ માં તે ઘટીને ૬,૭૧૨.૮૬ કરોડ થઈ ગઈ છે. કેગ નો આ અહેવાલ સુચવે છે કે એક તરફ રાજયના દેવામાં સતત વધારો થઈ રહ્યો છે. તો બીજી તરફ કેન્દ્રીય યોજનાઓ હેઠળ મળતી આર્થિક સહાયમાં ઘટાડો થઈ રહ્યો છે.

વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન ગુજરાતની આર્થિક અને સામાજિક સ્થિતિના આંકડા અનેક મહત્વના પાસાઓ તરફ ધ્યાન દોરે છે. રાજયમાં મહેસુલી ખર્ચ માં ૧૦,૩૨૬ કરોડનો વધારો અને આવકમાં ૪,૨૦૮ કરોડનો ઘટાડો થતા મહેસુલી પુરાંતમાં ૪૩.૪૧ ટકાનો મોટો ઘટાડો નોંધાયો છે. વસ્તીના માળખાની વાત કરીએ તો ગુજરાતમાં શહેરીકરણનુ પ્રમાણ વધુ છે. ગુજરાતમાં ૫૦.૨૯ ટકા શહેરી વસ્તી છે. જે રાષ્ટ્રીય સરેરાશ (૩૫.૭૦ ટકા) કરતા વધારે છે. જયારે ગ્રામ્ય વસ્તી ૪૯.૭૧ ટકા છે. રાજયની વસ્તી ગીચતા ૩૭૩ અને સ્ત્રી -પુરુષનુ પ્રમાણ ૯૦૪ છે. જે બંને રાષ્ટ્રીય સરેરાશ કરતા નીચુ સ્તર દર્શાવે છે. જો કે આરોગ્ય ક્ષેત્રે બાળમરણ દર દેશની સરેરાશ ૨૫ ટકા કરતા ઓછો હોવો એ એક હકારાત્મક બાબત છે. સામાજિક સ્તરે રાજયમાં સાક્ષરતા દર ૮૪.૬ ટકા છે. પરંતુ હજુ પણ ૧૧.૬૬ ટકા વસ્તી ગરીબી રેખા નીચે જીવે છે. તો બીજી તરફ વહિવટી મોરચે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના બજેટમાં ઉદાસીનતા જોવા મળી છે. કોંગ્રેસના ધારાસભ્ય અમિત ચાવડાના પ્રશ્નના જવાબમાં સરકારે સ્વીકાર્યુ હતુ કે છેલ્લા બે વર્ષમાં ફાળવવામાં આવેલી ૫૪૯.૯૩ કરોડની ગ્રાન્ટમાંથી ૨૧૮.૨૮ કરોડ રૂપીયા જેટલી માતબર રકમ વણવપરાયેલી રહી છે.

રાજયમાં સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિકાસ માટે ફાળવવામાં આવેલ બજેટનો મોટો હિસ્સો વણવપરાયેલ રહ્યો હોવાની માહિતી બહાર આવી છે. કોંગ્રેસના ધારાસભ્ય અમિત ચાવડા દ્વારા વિધાનસભામાં પુછવામાં આવેલા એક સવાલના જવાબમાં સરકારે લેખિતમાં જણાવ્યુ હતુ કે છેલ્લા બે વરસમાં આ પ્રભાગ માટે કુલ રૂપીયા ૫૪૯.૯૩ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી. જો કે આ ફાળવેલી રકમમાં થી રૂપીયા ૨૧૮.૨૮ કરોડ જેટલી માતબર રકમ વપરાયા વિનાની પડી રહી છે. સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને કલા-વારસાના જતન માટે ફાળવેલ નાણાંનો પુરેપુરો ઉપયોગ ન થતા વિપક્ષ દ્વારા આ બાબતે સવાલ ઉઠાવવામાં આવ્યો હતો. આ પરીસ્થિતિમાં રાજય સરકારે આગામી સમયમાં નાણાંકીય શિસ્ત અને આવકના નવા સ્ત્રોતો ઉભા કરવા પર વધુ ધ્યાન આપવુ પડી શકે છે. ખાસ કરીને બજાર લોનનુ વધતુ પ્રમાણ લાંબા ગાળે વ્યાજના બોજમાં વધારો કરી શકે છે.

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

"જો સ્વરક્ષણ જનતાએ જ કરવાનું હોય તો બધાને રિવોલ્વર આપી દો": ગૃહમંત્રી સમક્ષ ગોપાલ ઈટાલિયાનો કટાક્ષ

# "ગુજરાતમાં બિહાર જેવો માહોલ, જનતાને પોલીસ પર ભરોસો નથી": હથિયારના લાયસન્સ મુદ્દે AAP ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાના સરકાર પર પ્રહાર

## પોલીસનો ઉપયોગ સામાન્ય જનતાની સુરક્ષા માટે નહીં પણ વિપક્ષને દબાવવા માટે થાય છેઃ ગોપાલ ઈટાલિયા

આજે વિધાનસભાના અંતિમ દિવસે આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ વિધાનસભા ખાતે મીડિયા સમક્ષ પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, આજે ગુજરાત રાજ્યની કાયદો અને વ્યવસ્થા મુદ્દે ગૃહમંત્રી માટે એક સવાલ હતો. પરંતુ મારો પ્રશ્ન પ્રાથમિકતામાં આવરી લેવામાં આવ્યો નહીં, જેના કારણે ગૃહમાં આ પ્રશ્ન મુદ્દે ચર્ચા થઈ નથી પરંતુ સરકારનો જે જવાબ મળ્યો છે તે જવાબનું વિશ્લેષણ કરીને તેની માહિતી જનતા સુધી પહોંચાડવી જરૂરી છે. સરકાર સલામતીના બમણા ફૂંકતી હોય છે પરંતુ જે આંકડા સામે આવ્યા છે તેનાથી આંખો ફાટી જાય એવી સ્થિતિ છે. મારો સવાલ હતો કે અમદાવાદ અને સુરત જિલ્લામાં કેટલા લોકો પાસે હથિયારના લાયસન્સ છે અને કેટલા લોકોએ નવા લાયસન્સ માંગ્યા. ત્યારબાદ જે જવાબ સામે આવ્યો તેનાથી લાગશે કે આપણે ત્યાં બિહાર જેવો માહોલ છે. સુરતમાં ૨,૮૮૨ લોકો પાસે હથિયારના લાયસન્સ છે અને ૧૮૫ કરતાં વધુ લોકોએ નવા હથિયારના લાયસન્સ માંગ્યા છે. અમદાવાદમાં ૫૨૩૧ લોકો પાસે હથિયારના લાયસન્સ છે બીજા ૩૨૫ જેટલા લોકોએ નવા હથિયારના લાયસન્સ માંગ્યા છે. તો અમદાવાદ અને સુરતના મળીને ૮,૦૦૦ લોકો પાસે હથિયારના લાયસન્સ છે અથવા માંગ્યા છે એનો મતલબ એવો થાય છે કે લોકોને સરકાર પર અને કાયદા વ્યવસ્થાની સ્થિતિ પર તથા પોલીસ તંત્ર પર કોઈ ભરોસો નથી. એટલે આ લોકોએ પોતાના સ્વરક્ષણ માટે સરકાર પાસેથી હથિયારના લાયસન્સ માંગ્યા છે. વધુમાં આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ જણાવ્યું હતું કે આટલી મોટી સરકાર, પોલીસ તંત્ર, મોટા ગૃહમંત્રી, એસઆરપી, હોમગાર્ડ, એસઓજી, CID, ક્રાઈમ બ્રાન્ચ છે, એટલે કે અનેક વ્યવસ્થાઓ હોવા છતાં પણ લોકોએ પોતાના રક્ષણ માટે બંદૂકો લઈને જ ફરવાનું, તો સરકારનો મતલબ શું? અને જો સ્વરક્ષણ લોકોએ જાતે જ કરવાનું હોય તો ફક્ત ૮૦૦૦ લોકોને શા માટે? આખા ગુજરાતના લોકોને રિવોલ્વર આપી દો. તો કાયદો અને વ્યવસ્થાની કથળેલી સ્થિતિનો આજે આ પ્રશ્નના જવાબમાં સરકારે જે જવાબ આપ્યો એ જવાબથી એ પણ સાબિત થાય છે કે ગુજરાતમાં લોકો જાનમાલની કે પ્રોપર્ટીની સલામતી નથી અનુભવતા માટે વધુમાં વધુ લોકો હથિયારના લાઈસન્સ માંગી રહ્યા છે. અને સરકારે પણ લાયસન્સ રદ કરવાના બદલે આપવાનું ચાલુ કર્યું છે. પોલીસનો ઉપયોગ સામાન્ય જનતાની સુરક્ષા માટે નહીં પણ વિપક્ષને દબાવવા માટે થાય છે. ગઈકાલે રાત્રે ૨:૦૦ વાગે અમદાવાદ શહેરના આગેવાન અમજદ ખાન પઠાણના ઘરે SOG પોલીસ ગયા, સવાર સુધી તમાશો કર્યો, ઘરની મહિલાઓને અડધી રાત્રે હેરાન કરવામાં આવી. આજે આખા ગુજરાતની પોલીસ જનતાની સુરક્ષા કરવાની જગ્યાએ ભાજપની સુરક્ષા કરે છે, ભાજપના નેતાઓના ઈશારે કામ કરે છે અને જનતા ભગવાન ભરોસે છે, જેથી લોકો હથિયારના લાયસન્સ માંગી રહ્યા છે. સરકારે અને હર્ષ સંઘવીએ એ પણ સ્પષ્ટતા કરવી જોઈએ કે શા માટે આટલા લોકો હથિયારના લાયસન્સ લઈ રહ્યા છે અને શા માટે સરકાર આટલા બધા હથિયારના લાયસન્સને મંજૂરી આપે છે.

સરફેસાઈના કાયદાનો ઉપયોગ કે દુરુપયોગ?

# બિલ્ડરોના પ્રોજેકટમાં બુંકિંગ કરાવનારાઓના નાણાંઓનું શું?

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

સરકારે ૨૦૦૨ના વર્ષમાં અનેક ફાયનાન્સ કંપનીઓ, બેંકો વિગેરે એ ધીરાણ કરેલ નાણાંની વસુલાત માટે સિકયોરિટી ઈન્ટરેસ્ટ એકટ (એન્ફોર્સ મેન્ટ સરફેસાઈ ના કાયદા૨૦૦૨) મંજૂરી આપેલ છે. અને આવી મંજૂરીના આધારે સંપત્તિઓનું બેંકો કે ફાયનાન્સ કંપનીઓ ધ્વારા ક્યારેક ખૂબ જ ખોટા નિર્ણયો લેવામાં આવે છે.

જે લોન લેનાર વ્યક્તિને નુકશાન કર્તા છે. પરંતુ કેટલાક કેસોમાં લોન લેનારને ફાયદા થાય છે. આવા ફાયદા એ રીતે કે કોઈ પ્રાઈવેટ બિલ્ડર ધ્વારા કોઈ જમીન માલિકો પાસેથી ખાનગી જગ્યાને તેઓને થોડા ઘણા નાણાં ચુકવી તેની પાસેથી લખાણ લઈ લેવામાં આવે છે. અને તેઓ પાસે પ્રોજેકટ શરૂ કરવામાં આવે તો વાંધો નથી એવા પણ લખાણો લેવામાં આવે છે. જે અંગે જમીન માલિકને કોઈ જાણકારી હોતી નથી. આવા લખાણને આધારે બિલ્ડરો પોતાના પ્લાન પાસ કરાવી લે છે. અને આવા પ્લાન પાસ કરાવી જાહેરાતો ના બોર્ડ મૂકી અને બુકિંગ કરાવવામાં આવે છે.

અને આવા બુકિંગના આધારે બુકિંગ કરાવનારા પાસેથી ૩૦% થી ૪૦% ની રકમ લઈ લેવામાં આવે છે. ત્યારબાદ બેંકોમાંથી મોટી લોન પ્રોજેકટ માટે લેવામાં આવે છે. અને આવી લોન લઈ માળખું ઊભું કરવામાં આવે છે.

પ્રાપ્ત માહિતી મુજબ મેસર્સ અવંટિસ ડ્રીમ્સ હોમ્સ એલએલપી સીએસ્ટા પ્રોજેકટ વેસુ રોડ સુરત અને મેસર્સ અવંટિસ ડેવલપર્સ એલએલપી ફા.પ્લો.નં. ૮૩ વેસુ સુરત, મેસર્સ અવંટિસ ડેવલપર્સ એલએલપી કોલેટરલ સિકયોરિટી ફા.પ્લોટ નં.૮૩ રે.સર્વે નં. ૭૧/૨ બ્લોક નં.૭૫/બી પૈકી TP એસ નં. ૧૯ પર્વત મગોબ ક્ષેત્રફળ ૬૧૩૦ વર્ગમીટર, ગામ પર્વત જિ. સુરત પ્રોજેકટના ભાગીદારો શંકરલાલ છગનલાલ શાહ, વિરલ શંકરલાલ શાહ, અંકિત શંકરલાલ શાહ વિગેરે એ SBI બેંક મજુરા ગેટ સુરત પાસેથી કિંમતી જમીનો બતાવી તેના ઉપર પ્લાન બનાવી કરોડો રૂપિયાની લોન લઈ લેવામાં આવેલી. તે પૈકી રૂપિયા ૧૭,૬૭,૫૦,૩૧૯/- ના બાકી રકમ માટે સરફેસાઈના કાયદા હેઠળ બેંક ધ્વારા કેસ કરવામાં આવેલ અને આવા કાયદા હેઠળ બેંકે મિલકત સીઝ કરેલ છે. હવે આ મિલકતની ક્યારે હરાજી થાય એ નક્કી નથી. પરંતુ હવે પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે બેંક તેના નાણાં વસુલવા માટે મિલકત વેચી નાણાં વસૂલ કરી લેશે. પરંતુ જે મિલકતમાં અનેક લોકોએ એક રૂપિયાની ડાયરી ઉપર નાણાં આપી બુકિંગ કરાવેલ છે તેઓના નાણાંનું શું?

કારણકે આ બુકિંગ કરાવનારાઓ એ જે નાણાં રોકેલ છે અને તેઓની પાસે કોઈ કાયદેસરના પુરાવા નથી. તેઓના નાણાં વસુલવા માટે કોઈ કાર્યવાહી કરી શકે નહી તેવું સામાન્ય રીતે માનવામાં આવે છે અને તેના કારણે તેઓ કોર્ટ કચેરીના કે પોલીસમાં ફરિયાદ કરતા ખંચકાય છે. સુરત શહેરમાં મેસર્સ અવંટિસ ડ્રીમ્સ હોમ્સ એલએલપી સીએસ્ટા પ્રોજેકટ વેસુ રોડ સુરત અને મેસર્સ અવંટિસ ડેવલપર્સ એલએલપી ફા.પ્લો.નં. ૮૩ વેસુ સુરત , મેસર્સ અવંટિસ ડેવલપર્સ એલએલપી કોલેટરલ સિકયોરિટી ફા.પ્લોટ નં.૮૩ રે.સર્વે નં. ૭૧/૨ બ્લોક નં.૭૫/બી પૈકી TP એસ નં. ૧૯ પર્વત મગોબ ક્ષેત્રફળ ૬૧૩૦ વર્ગમીટર ,ગામ પર્વત જિ. સુરત આ મિલકત મેસર્સ અવંટિસ ડેવલરપર્સ એલએલપી નામ ઉપર છે. જે પહેલા અવંટિસ ડેવલરપર્સ પાર્ટનરશીપ ફર્મ તરીકે ઓળખાતી હતી. આમ બુકિંગ કરાવનારાઓને શંકરલાલ છગનલાલ શાહ, અંકિત શંકરલાલ શાહ, વિરલ શંકરલાલ શાહ નામના ઈસમોએ બુકિંગ કરાવનારાઓ સાથે બદઈરાદાપૂર્વક છેતરપિંડી કરેલ છે. અને આવી મિલકતનું વેચાણ કે હરાજી થતાં સરકારે અટકાવવું જોઈએ.

આવા બુકિંગ કરાવનારાઓએ જે ચિઠ્ઠી કે ડાયરીના આધારે લાખો રૂપિયા રોકાણ કરેલ છે. તેઓની ફરિયાદ સરકારે સાંભળવી જોઈએ અને તેઓને ન્યાય આપવો જોઈએ. જે ડાયરી કે ચિઠ્ઠી ઉપર બિલ્ડરોની સહી છે એવી ડાયરી, ચિઠ્ઠીના હેન્ડ રાઈટીંગ એકસપર્ટ પાસે તપાસ કરાવવી જોઈએ. અને આવા હેન્ડરાઈટીંગ એકસપર્ટના અભિપ્રાય મુજબ ગુન્હા દાખલ કરી બિલ્ડરો સામે કાયદેસરની કાર્યવાહી કરવી જોઈએ. આવા રોકાણકારો ને તેઓના કેસ સાંભળી તેઓને ન્યાય અપાવવો જોઈએ. સૌપ્રથમ તો જે મિલકત સરફેસાઈના કાયદા હેઠળ ટાંચમાં લેવામાં આવે તેવી મિલકતો ઉપર અન્ય કોઈના રોકાણ છે કે કેમ તેની પણ જાહેર નોટિસ આપી પછી જ આવી મિલકત ટાંચમાં લેવી જોઈએ.

# કેન્દ્ર સરકારે બહાર પાડયો ફતવોઃ પીએનજી લાઈન હોવા છતાં કનેકશન નહી લેનારની ખેર નહીઃ એલપીજી સીલીન્ડર પણ નહી મળે

પ્રતિનિધિ,ગાંધીનગર

ઈઝરાયેલ-ઈરાન યુદ્ધને કારણે દેશમાં એલપીજી ગેસ સીલીન્ડરની અછત વચ્ચે કેન્દ્ર સરકારે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે જે ઘણા રસોડામાં ભોજન બનાવવાની રીત કાયમ માટે બદલી નાખશે, કેન્દ્ર સરકારે આદેશ જારી કર્યો છે કે જો સુવિધા ઉપલબ્ધ હોવા છતાં ગ્રાહકો પીએનજી કનેકશન ના લે તો, તો તેમને એલપીજી સપ્લાય પણ બંધ થઈ જશે, આ આદેશના પાલનની અંતિમ તારીખ પણ શરૂ થઈ ગઈ છે.




પેટ્રોલીયમ અને કુદરતી ગેસ મંત્રાલય દ્વારા ૨૪ માર્ચે જારી કરવામાં આવેલા આદેશમાં કહેવામાં આવ્યુ છે કે ગ્રાહકો પાસે માત્ર ૩ મહિનાનો સમય હશે, એકવાર સુચિત થયા પછી, જો તેઓ નિર્ધારીત સમયની અંદર એલપીજી થી પીએનજી પર સ્વિચ નહી કરે તો તેઓ એલપીજી સુવિધા થી પણ વંચિત રહેશે. હકીકતમાં પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધને કારણે ભારતમાં રાંધણ ગેસની આયાતમાં અવરોધો ઉભા થયા છે. સામાન્ય લોકો ગેસ સીલીન્ડરની અછત થી પરેશાન છે. આવી સ્થિતિમાં સરકાર ઘરો અને વ્યવસાયિક ઉપયોગ કરતાઓને પીએનજી તરફ વાળી રહી છે. હકીકતમાં વિવિધ સ્ત્રોતો અને સ્થાનિક ઉત્પાદનને કારણે તેને વધુ વિશ્વસનીય માનવામાં આવે છે. એલપીજીનો વિકલ્પ પીએનજી પાઈપલાઈન દ્વારા સીધી ઘરોમાં પહોચાડવામાં આવે છે. જેનાથી સીલીન્ડર રીફીલીંગની સમસ્યા દુર થાય છે.

નવા નિયમો મુજબ મંત્રાલય દ્વારા જારી કરાયેલા આદેશો ખુબ જ સ્પષ્ટ છે. એકવાર ગ્રાહકને સંબંધિત અધિકારીઓ દ્વારા સુચિત કરવામાં આવે છે. પછી ફેરફાર વૈકલ્પિક રહેશે નહી, આદેશમાં કહેવામાં આવ્યુ છે કે આવા સરનામા પર એલપીજી ની સપ્લાય સુચના આપ્યાની તારીખથી ૩ મહિના પછી બંધ કરવામાં આવશે. જો કે તેમાં એક શરત એવી છે કે એલપીજી સુવિધા ત્યારે જ ચાલુ રહેશે જયારે પીએનજી કનેકશન આપવા તકનીકી રીતે શકય નથી, તેના માટે સપ્લાયર પાસેથી નો ઓબ્ઝેકશન સર્ટીફીકેટ મેળવવુ પડશે. આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ હેઠળ જારી કરવામાં આવેલી આ નવી પેટર્ન સમગ્ર દેશમાં ગેસ પાઈપ લાઈનના વિસ્તરણને ઝડપી બનાવવા માટે બનાવવામાં આવી છે. પાઈપલાઈન નાખવાની પરવાનગી હવે નિર્ધારીત સમયમર્યાદામાં આપવી ફરજીયાત છે. જો આવુ નહી થાય તો તે આપમેળે મંજુર થઈ ગયા હોવાનુ માનવામાં આવશે. ઉપરાંત અધિકારીઓને નિર્ધારીત ચાર્જ સિવાય અન્ય કોઈપણ ચાર્જ લાદવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. રહેણાંક વિસ્તારોમાં, પીએનજી કનેકશનની મંજુરી કામકાજના ૩ દિવસોમાં આપવી જોઈએ જયારે અંતરીયાળ વિસ્તારો સુધી પીએનજી કનેકશન ૪૮ કલાકની અંદર આપવામાં આવશે. પીએનજી કનેકશનની અરજીઓ નકારી શકાતી નથી. નવા ઓર્ડર નિયમોનુ પાલન સુનિશ્ચિત કરવા માટે વ્યાપક સત્તા પ્રદાન કરે છે. નિયુકત સત્તાવાળાઓ જમીન સંબંધીત પહોચ સાથે સંકળાયેલા વિવાદોને ઉકેલવા માટે હસ્તક્ષેપ કરી શકે છે. તેમની પાસે સીવીલ કોર્ટ જેવી જ સત્તા છે. કંપનીઓએ મંજુરી મેળવ્યાના ચાર મહિનાની અંદર પાઈપલાઈનનુ કામ શરૂ કરવુ આવશ્યક છે. જો આવુ ન થાય તો તેમને દંડનો સામનો કરવો પડશે. આમા તેમના વિશિષ્ટ અધિકારો છીનવી લેવાના જોખમનો સમાવેશ થાય છે.

# વિધાનસભામાં સાડા સાત કલાકની ગરમા ગરમીની ચર્ચા કર્યા બાદ મંત્રીઓ- ધારાસભ્યો ગોલા ખાઈ ટાઢા પડયા

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



ગઈ કાલે વિધાનસભામાં સાડા સાત કલાકની મેરેથોન ચર્ચા બાદ ગુજરાત વિધાનસભામાં સમાન નાગરીક સંહિતા એટલે કે યુસીસી બીલ બહુમતી સાથે પસાર કરવામાં આવ્યુ હતું. આ ઐતિહાસિક બીલ પસાર થયા બાદ સમગ્ર મંત્રી મંડળ અને ધારાસભ્યોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. આ ખુશીની ઉજવણી કરવા માટે વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરી, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને અન્ય મંત્રીઓ ગાંધીનગરના સેકટર ૧૭ ખાતે બરફ ગોળો ખાવા પહોચ્યા હતા. રાજકીય ગરમાવા અને ગંભીર ચર્ચાઓ બાદ વિધાનસભાના અધ્યક્ષ, નાયબ મુખ્યમંત્રી અને ધારાસભ્યો એક સામાન્ય નાગરીકની જેમ સેકટર ૧૭ ના ગલ્લા પર બરફગોળો ખાતા નજરે પડયા હતા.

રાજકારણની વ્યવસ્તતા વચ્ચે મંત્રીઓનો આવો અંદાજ જોઈ સ્થાનિકો પણ આશ્ચર્યચકિત થયા હતા. શંકર ચૌધરી અને હર્ષ સંઘવીએ હળવાશની પળોમાં એક બીજા સાથે વાતચીત કરી બરફગોળાની મજા માણી હતી. જેની તસવીરો સોશીયલ મીડીયા પર વાયરલ થઈ હતી. આ બીલ પસાર થવાથી ગુજરાત હાવે એવા રાજયોની યાદીમાં સામેલ થઈ ગયુ છે કે જે નાગરીક અધિકારોમાં સમાનતા લાવવા માટે કટીબધ્ધ છે. વિરોધ પક્ષોની દલીલો વચ્ચે પણ સત્તાધારી પક્ષે આ બીલને વિકાસ અને સમાનતાનુ પ્રતિક ગણાવ્યુ હતું. ઉલ્લેખનીય છે કે આગામી સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ આવી રહી છે. તો બીજી તરફ મંત્રીઓની કામગીરી નબળી હોવાનો અંદાજ દર્શાવાઈ રહ્યો છે ત્યારે આ મંત્રીઓની હવે યુસીસી કાયદો પસાર કર્યા ની કામગીરી પ્રચારનો મુદ્દો સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં બની રહે તો નવાઈ નહી, કારણ કે મોટાભાગના મંત્રીઓએ ધારાસભ્યો અને કાર્યકરોના કામો કર્યા ન હોવાની ચર્ચાએ જોર પકડયુ છે. ત્યારે આ યુસીસી કાયદો પસાર કરવામાં આવ્યો તે ભાજપનો ચુંટણીનો મુદ્દો બને તો નવાઈ નહી.

# નવસારીના ચીખલીમાં નરાધમ બાપે બે દિકરીઓને પીંખી નાખીઃ બંનેના પેટમાં પિતાનુ બાળક

પ્રતિનિધિ,ગાંધીનગર

નવસારીના ચીખલીમાં માનવતાને શર્મશાર કરતી ઘટના બહાર આવી છે. અહીં સાવકા પિતાએ બે દિકરી પર દુષ્કર્મ આચરતા સમાજમાં હડકંપ મચી જવા પામ્યો છે. એટલુ જ નહી આ બંને દિકરીઓ ગર્ભવતી પણ છે, જેમાં મોટી દિકરીને બે મહિનાનો તો નાની દિકરીને પાંચ મહિનાનો ગર્ભ હોવાનો મેડીકલ તપાસમાં ઘટસ્ફોટ થયો છે. આ નરાધમ પિતા દિકરીઓને જાનથી મારી નાખવાની ધમકી આપી દુષ્કર્મ ગુજારતો હતો.




હાલ ચીખલી પોલીસે આરોપી અનીલ અમરતભાઈ રાઠોડ વિરૂધ્ધ પોકસો અને ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો હેઠળ ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. તે જ પ્રમાણે અમદાવાદના કૃષ્ણનગરમાં સાવકા પિતાએ બાળકી સાથે દુષ્કર્મ આચરવાનો પ્રયાસ કર્યો હતો. જેના કારણે પિતા-પુત્રીના સંબંધોને લાંછન લાગ્યુ છે.

ઘટનાની વિગતો એવી છે કે મહિલા ભોજન લીધા બાદ કપડાં સુકવવા ગઈ હતી. ત્યારે તેને અચાનક બાળકીની ચીસ સંભળાઈ હતી.

કામ રેઢુ મુકી દેતા બાળકીને શું થયુ એ જોવા આવતા તેની આંખો પહોળી થઈ ગઈ હતી. તેની પુત્રી નગ્ન હતી અને તેનો ધણી પણ, એ પછી માતાએ પુત્રીને તુરંત જ આ રાક્ષસની ચુંગાલમાંથી આંચકી લીધી હતી. પિતાને આ રીતે પુત્રી સાથે વાંધાજનક સ્થિતિમાં જોતા મહિલાએ કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

સમગ્ર ઘટનાની વિગતો કંઈક એવી છે કે વર્ષ ૨૦૧૯ માં મહિલાના પતિ સાથે છુટાછેડા થયા હતા, એ પછી તેણે ૨૦૨૧ માં અન્ય પુરુષ સાથે લગ્ન કર્યા હતા, પ્રથમ લગ્ન થી મહિલાને એક બાળકી હતી, અને બીજા લગ્ન થકી એક દિકરો.

# ૩ વરસમાં મેટ્રો ટ્રેન પાછળ ૧૮૬૮ કરોડનો ખર્ચ કરાયો જેની સામે આવક માત્ર ૧૩૩.૩૯ કરોડઃ મેટ્રોએ દેવાળુ ફુંકયુ?

પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદમાં લાઈફ લાઈન બનેલી મેટ્રો ટ્રેનને લઈને એક મહત્વના સમાચાર બહાર આવ્યા છે. અપડાઉન કરનારા લોકો સામે ખુબ જ સરળ મુસાફરી તરીકે મેટ્રો ટ્રેન અત્યારે છેક ગાંધીનગર સુધી વિસ્તરી ગઈ છે.



ત્યારે મેટ્રો પ્રોજેકટમાં થઈ રહેલા ખર્ચા સામે આવક ખુબ જ ઓછી હોવાની વિગતો વિધાનસભામાં જાહેર કરાઈ છે. ગૃહમાં સરકારે સત્તાવાર જવાબ આપ્યો હતો કે અમદાવાદ મેટ્રો માં ખર્ચ કરતા આવક ઓછી છે.

ગુજરાત વિધાનસભામાં મેટ્રોનો ખર્ચ અને આવક અંગે સવાલ કરાયો હતો. જેનો સરકારે સત્તાવાર જવાબ આપતા કહ્યુ હતું કે અમદાવાદ મેટ્રો માં ખર્ચ કરતા આવક ઓછી છે. છેલ્લા ૩ વરસમાં આ પ્રોજેકટ પાછળ કરવામાં આવેલા ખર્ચ કરતા આવક ઓછી થવા પામી છે. સરકારે વિધાનસભામાં કહ્યુ હતુ કે અમદાવાદ મેટ્રો માટે ૧૮૬૮.૬૫ કરોડ રૂપીયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. જેની સામે માત્ર ૧૩૩.૩૯ કરોડ ની આવક થવા પામી છે. રાજય સરકારે વિધાનસભામાં કહ્યુ હતું કે મેટ્રોના અમલીકરણ અને સંચાલન માટે જંગી ખર્ચ થઈ રહ્યો છે. પણ તેની સામે આવક ખુબ જ ઓછી આવી રહી છે. ૩ વરસમાં મેટ્રો થી ૧૩૩.૩૯ કરોડ રૂપીયાની આવક થઈ છે. ધારાસભ્ય સુધીર વાઘાણીના સવાલનો સરકારે જવાબ આપ્યો હતો. હજુ રાજયમાં મેટ્રોનુ વિસ્તરણ થઈ રહ્યુ છે. અમદાવાદ અને ગાંધીનગર વચ્ચે દોડતી મેટ્રોનુ વિસ્તરણ કરવામાં આવી રહ્યુ છે. નવી મેટ્રોના કોચ માટેના ઓર્ડર પણ આપી દેવાયા છે. જેની ડીલીવરી જુન મહિનામાં મળે તેવી શકયતાઓ છે.

# યુસીસી બીલના આધારે સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ લડવા ભાજપનો પ્લાનઃ મુખ્યમંત્રી ના નિવાસસ્થાને બેઠક યોજાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં આગામી ૩૧ મી માર્ચે વડાપ્રધાન મોદીના પ્રવાસનુ આયોજન કરવામાં આવ્યુ છે. એક દિવસના પ્રવાસે આવી રહેલા વડાપ્રધાન ઉત્તર ગુજરાત અને ગાંધીનગરના કાર્યક્રમોમાં હાજરી આપી શકે છે. તેમની ગુજરાત મુલાકાત બાદ સ્થાનિક સ્વરાજયની ચુંટણી જાહેર થાય તેવી શકયતાઓ છે. આ દરમિયાન ગઈ કાલે મંગળવારે ગુજરાત વિધાનસભામાં યુનિફોર્મ સીવીલ કોડ બીલ પસાર કરવામાં આવ્યુ હતું. હવે આ બીલને લઈને રાજકારણ શરૂ થયુ છે. આ બીલને લઈને ભાજપ સ્થાનિક સ્વરાજયની ચુંટણી લડશે તેવો પ્લાન તૈયાર કરવામાં આવ્યો હોવાનુ પણ જાણવા મળ્યુ છે. ગઈ કાલે ગુજરાત વિધાનસભામાં યુનિફોર્મ




સીવીલ કોડ બીલ પસાર કરવામાં આવ્યુ હતુ. આજે ભાજપની પ્રદેશ કોર કમિટીની બેઠક મળી હતી. મુખ્યમંત્રીના નિવાસસ્થાને મળેલી આ બેઠકમાં પ્રદેશ પ્રમુખ, મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી સહિતના સભ્યો હાજર રહ્યા હતા. કોર કમિટીની રચના કર્યા બાદ પ્રદેશ ભાજપની આ પ્રથમ બેઠક હતી. આ બેઠકમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ મુદ્દે ચર્ચાઓ કરવામાં આવી હતી. આ વખતે ભાજપ યુનિફોર્મ સીવીલ કોડના આધારે સ્થાનિક સ્વરાજયની ચુંટણી લડશે તેવુ રાજકીય સુત્રો તરફથી જાણવા મળ્યુ હતું. ભાજપે આ બીલને લઈને લોકો સુધી પહોચવા અને લોકોને બીલ અંગે જાણકારી આપવાનો પણ પ્લાન તૈયાર કર્યો હોવાની વિગતો બહાર આવી છે. પેજ કમિટી સ્તરની કામગીરીની પણ સમીક્ષા કરાઈ હતી. શકિત કેન્દ્ર સ્તર ની કામગીરીની પણ સમીક્ષા કરાઈ હતી. આ ઉપરાંત ઉમેદવારોની પસંદગીના પ્રાથમિક માપદંડ અંગે પણ ચર્ચા કરાઈ હતી.

રાજયમાં ૩૦ માર્ચે ફાઈનલ મતદાર યાદી જાહેર કરવામાં આવશે. રાજય ચુંટણી આયોગે જિલ્લા ચુંટણી અધિકારીઓને આ અંગે આદેશ પણ આપી દીધા હોવાની જાણકારી પ્રાપ્ત થઈ છે. વડાપ્રધાન મોદી ગુજરાતની મુલાકાત લેશે ત્યારબાદ એપ્રિલ મહિનામાં ચુંટણી જાહેર થાય તેવી શકયતાઓ સેવાઈ રહી છે. રાજયમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણી બે તબકકામાં યોજાશે. મેં મહિનાના પ્રથમ સપ્તાહમાં સંભવિત મતદાન થઈ શકે છે. જયારે મહિનાના મધ્યકાળ સુધીમાં ચુંટણી પ્રક્રિયા પૂર્ણ થશે, મહાનગરપાલિકા અને નગરપાલિકાનુ પ્રથમ મતદાન થશે, બીજા તબકકામાં જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતનુ મતદાન થશે.

# જામનગરમાં સગીરા સાથે દુષ્કર્મના કેસમાં બે આરોપીઓને ૨૦ વર્ષની જેલ સજાનો હુકમ

(સંપૂર્ણ સમાચાર સેવા)જામનગર

જામનગરની પોકસો અદાલતે સગીરા સાથેના દુષ્કર્મના કેસમાં બે આરોપી તોસીફહુશેન સુલેમાનભાઈ લાખા તથા સમીર હુશેન હનીફભાઈ ગજીયાને પોકસો સહિતની કલમ અન્વયે ૨૦ વર્ષની સખત કેદની સજા તથા રૂ.૧૦,૦૦૦ નો દંડ તથા ભોગબનનારને વળતર પેટે રૂ.૪,૦૦,૦૦૦ ચુકવવાનો હુકમ કર્યો છે.આ કેસના આરોપી તોસીફહુશેન સુલેમાનભાઈ લાખાએ તા.૨૭/૦૬/૨૦૨૧ થી તા.૦૧/૦૪/૨૦૨૨ દરમ્યાન ફરીયાદીની સગીર વયની દીકરી (ઉંમર ૧૩ વર્ષ, ૬ માસ) સાથે તેણીની સંમતિ વગર તેની મરજી વિરુધ્ધ અવાર-નવાર શરીર સંબંધ બાંધી, દુષ્કર્મ ગુજારી ભોગબનનારનું શારીરિક શોષણ તેમજ દુષ્કર્મ આચરેલ તેમજ અન્ય આરોપી સમીરહુશેન હનીફભાઈ ગજીયાએ આ કૃત્યનો વિડીયો પોતાની પાસે હોવાનું ભોગ બનનારને જણાવી વિડીયો બધાને બતાવી દેવાની ધમકી આપી, સગીરા સાથે બળજબરીથી અવાર-નવાર શરીર સંબંધ બાંધેલ તેમજ શારીરિક શોષણના કારણે બાળા ગર્ભવતી થઈ હતી. તે અંગેની ફરીયાદએ પંચકોશી એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં તા.૨૭/૦૬/૨૦૨૨ નાં રોજ નોંધાવામાં આવી હતી.

જે ફરીયાદ મુજબ તપાસ કરનાર અધિકારી દ્વારા ગુનાની તપાસ કરી આરોપીઓ વિરુધ્ધ પોકસો સહિતની કલમ મુજબનો ગુનો નોંધી આરોપીઓની ધરપકડ કરી હતી. જે કેસ જામનગરની પોકસો અદાલતમાં ચાલી જતા ભોગબનનાર, ફરીયાદી તથા મેડીકલ ઓફીસર વિગેરે ૧૦ જેટલા સાહેદોની જુબાની તથા સરકાર પક્ષે રજૂ કરવામાં આવેલ ૪૦ જેટલા દસ્તાવેજી પુરાવાઓ તેમજ જીલ્લા સરકારી વકીલે અદાલત સમક્ષ કરેલ ધારદાર દલીલ જણાવેલ કે, આરોપીઓ સામે સગીર વયની બાળા ભોગબનનારને ધમકી આપી તેની સાથે દુષ્કર્મ કરવા અંગેનો ગુનો છે. તેમજ ફરીયાદ પક્ષ આરોપીઓ વિરુધ્ધના આક્ષેપો નિઃશંકપણે પુરવાર કરેલ છે. તેમજ સમાજમાં દિન પ્રતિદીન આ પ્રકારનાં ગુનાઓનું પ્રમાણ વધી રહેલ છે અને બાળાઓ ભોગબનનાર ઉપર વિપરીત અસર પડે છે જેથી સમાજમાં દાખલો બેસે તેથી આરોપીઓને મહતમ સખત કેદની સજા તથા દંડનો હુકમ ફરમાવા રજૂઆત કરેલ હતી.

જે મુજબ જામનગરની સ્પે.પોકસો અદાલતનાં ન્યાયાધીશ આર.પી.મોગેરાએ ઉપરોકત હકીકતો તથા ગુનાની ગંભીરતા ધ્યાને લઈ આરોપીઓને પોકસો તથા ભારતીય દંડ સંહીતાની અલગ અલગ કલમો હેઠળ તકસીરવાન ઠરાવી બન્ને આરોપીઓને ૨૦ વર્ષની સખત કેદની સજા તથા રૂ.૧૦,૦૦૦ નો દંડ અને જો આરોપીઓ દંડ ન ભરે તો વધુ ૧ વર્ષની સાદી કેદની સજાનો હુકમ ફરમાવેલ છે. તથા ભોગબનનાર બાળાને વળતર પેટે રૂ.૪,૦૦,૦૦૦ ચુકવવાનો હુકમ કરેલ છે.

### બેંક હરાજીમાં ખરીદેલી મિલકતની નોંધણી અંગે ગુજરાત હાઈકોર્ટનો મહત્વનો ચુકાદો

# રાજયભરમાં બેંક હરાજી ધ્વારા મિલકત ખરીદનારા સેંકડો લોકો માટે માર્ગ મોકળો થયો છે

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

ગુજરાત હાઈકોર્ટે બેંક હરાજી ધ્વારા ખરીદાયેલી મિલકતોના કિસ્સામાં એક અત્યંત મહત્વપૂર્ણ અને સીમાચિહ્નરૂપ ચુકાદો આપ્યો છે. આ બાબતે હાઈકોર્ટે સાફ શબ્દોમાં જણાવ્યુ છે કે જો કોઈ વ્યક્તિએ બેંકની કાયદેસરની હરાજી પ્રક્રિયા ધ્વારા મિલકત ખરીદી હોય તો સંબંધિત સરકારી સત્તાવાળાઓ કે નોંધણી અધિકારીઓ તેના વેચાણ દસ્તાવેજ અથવા વેચાણ પ્રમાણપત્રની નોંધણી કરવાનો ઈંકાર કરી શકે નહીં.

આ બાબતે નામદાર અદાલતે વધુમાં સ્પષ્ટતા કરી છે કે ભલે આવી મિલકત પર વેટ વિભાગ કે અન્ય કોઈ સરકારી લેણાંનો બોજો બોલતો હોય તેમ છતાં બેંક ધ્વારા જારી કરાયેલા વેચાણ પ્રમાણપત્રની નોંધણી કરવી સત્તાવાળાઓ માટે બંધનકર્તા છે. જસ્ટીસ હેમંત એમ.પ્રચ્છકની અદાલતે ભાવનગરની એક મિલકતના વિવાદમાં આ ચુકાદો આપ્યો હતો.

સદર કેસની વિગતો મુજબ ''મેસર્સ રાજ પિક્ચર હાઉસ'' ની માલિકીની એક મિલકત વર્ષ ૨૦૧૩ માં બેંક ઓફ બરોડામાં ગીરે મૂકવામાં આવી હતી. મૂળ માલિક લોન ભરપાઈ કરવામાં નિષ્ફળ જતાં બેંકે સરફેસાઈ (SARFAESI) એકટ હેઠળ વસૂલાતની કાર્યવાહી હાથ ધરી મિલકતની જાહેર હરાજી કરી હતી. આ હરાજીમાં અરજદાર તૃષાલી વૈભવ શાહે સફળ બોલી લગાવી હતી અને ઓક્ટોબર ૨૦૨૩ માં રૂપિયા ૧.૯૬ કરોડનું વેચાણ પ્રમાણપત્ર મેળવ્યું હતું.

જોકે જ્યારે ખરીદનાર મિલકતના દસ્તાવેજ (ડીડ ઓફ કન્વેયન્સ) ની નોંધણી કરાવવા સબ-રજીસ્ટાર કચેરીએ પહોંચ્યા ત્યારે અધિકારીઓએ નોંધણી કરવાનો સાફ ઈંકાર કરી દીધો હતો. તંત્રની દલીલ હતી કે વર્ષ ૨૦૧૬ માં વેટ વિભાગ ધ્વારા આ મિલકત પર જપ્તીનો હુકમ કરવામાં આવ્યો હતો અને સરકારી બોજો હોવાને કારણે તેની નોંધણી થઈ શકે નહીં. આ નિર્ણય સામે અરજદારે હાઈકોર્ટના ધ્વાર ખખડાવ્યા હતા.

અરજદારના વકીલે અદાલતમાં દલીલ કરી હતી કે સરફેસાઈ એકટ હેઠળ સુરક્ષિત નાણાંકીય સંસ્થાઓના દાવાઓને પ્રાધાન્ય મળે છે. અને નોંધણી અધિકારીઓ કાયદેસરની હરાજી પ્રક્રિયાને અવરોધી શકે નહી. નામદાર ગુ.હાઈકોર્ટે આ દલીલોને ગ્રાહ્ય રાખતા અવલોકલન કર્યું કે નોંધણી અધિકારીઓએ પોતાના અધિકારક્ષેત્રની મર્યાદા ઓળંગીને કામ કર્યું છે. અદાલતે સત્તાવાળાઓના ઈનકાર કરતાં હુકમને રદબાતલ ઠેરવ્યો હતો આને આદેશ આપ્યો હતો કે બેંક અને અરજદાર વચ્ચેના વેચાણ દસ્તાવેજની નોંધણી પ્રક્રિયા તાત્કાલિક પૂર્ણ કરવામાં આવે.

આ ચુકાદાને કારણે હવે રાજયભરમાં બેંક હરાજી ધ્વારા મિલકત ખરીદનારા સેંકડો લોકો માટે મોટો માર્ગ મોકળો થયો છે. હવેથી સરકારી વિભાગોના જૂના લેણાં કે બોજા ને બહાનું બનાવીને નોંધણી અધિકારીઓ કાયદેસરના ખરીદદારોને હેરાન કરી શકશે નહી. જે મિલકત બજાર અને બેંકિંગ ક્ષેત્ર માટે રાહતના સમાચાર માનવામાં આવે છે.

---

### ઉમેદવારોને સુરતથી અમદાવાદ સુધી દોડાવવા માટે કોનું માસ્ટર માઈન્ડ છે?

# સુરત મહાનગરપાલિકાએ સુરત શહેરમાંજ લેખિત પરિક્ષા માટે અસંખ્ય જરૂરિયાતવાળા બિલ્ડીંગો હોવા છતાં અમદાવાદ સેન્ટર જ કેમ પસંદ કર્યું?

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

સુરત મ.ન.પા ધ્વારા વર્ષ ૨૦૧૮,૨૦૧૯,૨૦૨૧,૨૦૨૩ માં જુદી જુદી જગ્યાઓ માટે ઓનલાઈન અરજી મંગાવવામાં આવી હતી. એનાથી અનેક ઉમેદવારોએ અરજી કરી નોકરી મેળવવા માટે સ્વપ્ના જોઈ રહ્યા હતા. ત્યારે સુરત મ.ન.પામાં આઠ વર્ષ સુધી ભરતીનું મુર્હત આવ્યું ન હતું. અને અનેક યુવાનોએ નોકરીની આશા છોડી દીધી હતી ત્યારે અચાનક સુરત મહાનગરપાલિકાના અધિકારીઓ અને સુરત મ.ન.પા ના ચૂંટાયેલા કોર્પોરેટરો ઘેર બેઠા કે તુરંત જ ઉમેદવારના ઈન્ટરવ્યુની જાહેરત કરી દીધી. પરંતુ મ.ન.પા ના અધિકારીઓ ચૂંટાયેલા કોર્પોરેટરો ઘરે જાય તેની જ રાહ જોઈ રહ્યા હતા? ઈન્ટરવ્યુ (લેખિત પરીક્ષા) માટે કોઈપણ પત્ર આપવામાં આવેલ નથી. અને વોટ્સએપ ઉપર ઉમેદવારોને જાણ કરવામાં આવેલ છે. કોઈ ઉમેદવારોના મોબાઈલ નંબર બદલાઈ ગયેલ હોય તેવા અનેક ઉમેદવારોને ઈન્ટરવ્યુ (લેખિત પરીક્ષા) ની ખબર પડતાં સુરત મ.ન.પા ની તાપીપુરા,શ્રીતાપીભવન ઓફિસ ખાતે દોડતા થઈ ગયા છે.

ઈન્ટરવ્યુ(લેખિત પરીક્ષા) સુરત મહાનગરપાલિકાના અને ઈન્ટરવ્યુ (લેખિત પરીક્ષા)રાખવામા આવ્યા અમદાવાદમાં. જે ઉમેદવારોએ ફોર્મ ભર્યા હોય તેવા ઉમેદવારો મોટે ભાગે સુરત અને સુરત જિલ્લાના છે. આવા ઉમેદવારો ને જવા-આવવા માટે તકલીફ તો ખરી જ. ઈન્ટરવ્યુ(લેખિત પરીક્ષા) ના ટાઈમ સવારે ૧૦:૦૦ વાગ્યાના છે. એટલે વહેલી સવારે હાજર રહેવું પડે. સુરત મહાનગરપાલિકા પાસે શું સાધન સામગ્રી ની કમી છે? વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, SVNIT કોલેજ, ગાંધી કોલેજ, સ્મીમેર કોલેજ, MTB કેમ્પસ, ભગવાન મહાવીર યુનિવર્સિટી જેવી મોટી સંસ્થાઓના બિલ્ડીંગો છે. ત્યારે અમદાવાદ સુધી ઉમેદવારોને કેમ લાંબા કરવામાં આવ્યા છે. અનેક ઉમેદવારો આ પ્રશ્ન કરી રહ્યા છે કે સુરત મ.ન.પા એ અમદાવાદમાં કેમ ઈન્ટરવ્યુ (લેખિત પરીક્ષા) રાખ્યા? શું સુરત મ.ન.પા ના અધિકારીઓ પરીક્ષા લેવા સક્ષમ નથી?

રાજય સરકાર તલાટી, ઝઝઈ અને અન્ય બીજી જાહેરાતો માટે સુરત ઈન્ટરવ્યુ (લેખિત પરીક્ષા) રાખે છે તો સુરત મહાનગરપાલિકા અમદાવાદમાં ઈન્ટરવ્યુ (લેખિત પરીક્ષા) રાખી શું સાબિત કરવા માંગે છે?

---

### ગરીબોના નામે ખર્ચાનો ખેલ બંધ કરવા જનતાને નિર્ણય લેવાનો સમય : ગોપાલ ઈટાલિયા

# ''સોના કરતાં ઘડામણ મોંઘું'', ઘઉં સસ્તા અને તેની વહેંચણી મોંઘી, ભાજપ સરકાર પર આપ ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાનો પ્રહાર

### ૫ કરોડના ઘઉં ખરીદ્યા છતાં ૧૦૦ કરોડ ટ્રાન્સપોર્ટ અને ૫૭ કરોડ વિતરણ ખર્ચ : ગોપાલ ઈટાલિયા

અમદાવાદ/જૂનાગઢ/ગુજરાત

ગાંધીનગર વિધાનસભામાં થયેલ પ્રશ્નોતરી મામલે મીડિયાને સંબોધતા આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ જણાવ્યું હતું કે આજે ગુજરાતની વિધાનસભાના છેલ્લા દિવસે મેં સરકારને પ્રશ્ન પૂછ્યો હતો અને સરકારે મને એનો જવાબ આપ્યો છે. જેમાં બહુ જ ગંભીર ઘટના સામે આવી છે. મેં એવું પૂછ્યું છે કે છેલ્લા ત્રણ વર્ષમાં સસ્તા અનાજની દુકાનેથી રેશન કાર્ડ ધારકોને ઘઉં આપવા માટે કયા ભાવે, કઈ એજન્સી પાસેથી કેટલા ઘઉં સરકારે ખરીદ્યા. આ જે ઘઉં સરકારે ખરીદ્યા અની હેરફેર કરવી પડે. માનો કે રાજ્ય કક્ષાએ ખરીદી કરી હોય તો જિલ્લા કક્ષાએ અને તાલુકા કક્ષાએ મોકલવા પડે, તો એની હેરફેર એટલે કે ટ્રાન્સપોર્ટેશન કરવા માટે કેટલો ખર્ચ થયો અને એ ઘઉંને તમે તાલુકા-જિલ્લામાં પહોંચાડ્યા પછી ગ્રાહકો એટલે કે ગરીબ જે લોકો અનાજ લેશે એને વિતરણ કરવા માટે કેટલો ખર્ચ થયો ? અત્યંત આશ્ચર્યજનક ગંભીર આંકડાઓ સામે આવ્યા છે. બાર હાથનું ચીભડું અને તેર હાથનું બી, એટલે કે એક ફૂટે બાર ઈંચનો ફરક પડ્યો. ગુજરાત રાજ્યની સરકારે છેલ્લા ત્રણ વર્ષમાં ગરીબોને આપવા માટે જે ઘઉં ખરીદ્યા, એ ખરીદીની કિંમત છે પાંચ કરોડ. પાંચ કરોડ રૂપિયાના ઘઉં ખરીદ્યા. પછી એ ઘઉં અલગ અલગ જિલ્લા અને તાલુકામાં પહોંચાડવા માટે ૧૦૦ કરોડ અને વીસ લાખનો ખર્ચ કર્યો. હવે તાલુકા-જિલ્લામાં જે ઘઉં પહોંચી ગયા, એ ઘઉં ગરીબ ગ્રાહકો સુધી પહોંચાડવા માટે ૫૭ કરોડ ૭૧ લાખનો ખર્ચ કર્યો. વધુમાં આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ જણાવ્યું હતું કે એટલે પાંચ કરોડના ઘઉં લીધા, સો કરોડમાં એ ઘઉં તાલુકા-જિલ્લામાં પહોંચાડ્યા અને સત્તાવન કરોડના ખર્ચે એ ઘઉં ગરીબો સુધી પહોંચાડ્યા. આવું સારું કામ ગુજરાતની ભાજપની સરકારે કર્યું છે. વિચાર કરો કે આ તો સોના કરતાં ઘડામણ મોંઘુ થઈ ગયું. જો આવી રીતે જ સરકાર કામ કરતી હોય, પાંચ કરોડના ઘઉં અને એ જથ્થાનો ટ્રાન્સપોર્ટેશન ખર્ચ સો કરોડ, તો પછી સીધે સીધા રૂપિયા જ ગરીબોને આપી દેતા હોય તો ગરીબોને ઘઉં-ચોખા બધું જ મળી જાય. આ તમામ બાબતો સાબિત કરે છે કે આ સરકાર ભ્રષ્ટાચારથી ભરપૂર છે. દરેક મુદ્દાઓમાં ભ્રષ્ટાચાર કરે છે અને આ ભ્રષ્ટાચાર રોકવા માટે આવનારી સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં જનતા જાગૃત થઈ ઝાડુનું બટન દબાવે, એવી હું વિનંતી કરું છું.

---

### અમરેલીમાં ગર્જ્યા કેજરીવાલ : '૩૦ વર્ષમાં ભાજપે શું આપ્યું? ભ્રષ્ટાચાર, તૂટતા પુલ અને મોંઘવારી!'

# અમરેલીમાં AAPનું ભવ્ય શક્તિપ્રદર્શનઃ રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ અને પંજાબના CM ભગવંત માને આપી હાજરી

### અમરેલીમાં AAP મજબૂતઃ સ્થાનિક સ્વરાજની ચૂંટણી પહેલા AAPની 'વિજય વિશ્વાસ સભા'માં સ્વયંભૂ હજારો લોકો ઉમટી પડ્યા



અમદાવાદ/અમરેલી/ગુજરાત

આજરોજ આમ આદમી પાર્ટી દ્વારા અમરેલી ખાતે ભવ્ય 'વિજય વિશ્વાસ સભા' નું આયોજન કરવામાં આવ્યું છે. આ સભામાં આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલજી અને પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનજી સહિત ગુજરાત પ્રદેશ પ્રભારી ગોપાલ રાયજી, સહ પ્રભારી દુર્ગેશ પાઠક, સહ પ્રભારી ગુલાબ સિંહ યાદવ, આમ આદમી પાર્ટી પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી, વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા, પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠિયા, ધારાસભ્ય સુધીર વાઘાણી, નેશનલ જોઈન્ટ સેક્રેટરી રાજુભાઈ સોલંકી, પ્રદેશ યુવા પ્રમુખ બ્રિજરાજ સોલંકી, સૌરાષ્ટ્ર ઝોન પ્રમુખ રાજુભાઈ બોરખતરીયા, વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ જાડેજા, લોકસભા ઈન્ચાર્જ કાંતિભાઈ સતાસીયા, જિલ્લા પ્રમુખ નિકુંજ સાવલિયા સહિત પદાધિકારીઓ અને કાર્યકર્તાઓએ હાજરી આપી હતી. આ કાર્યક્રમમાં અમરેલીના સ્થાનિક ખેડૂતો, મજૂરો, યુવાનો, મહિલાઓ સહિત મોટી સંખ્યામાં તમામ જાતિઓ ધર્મ અને વર્ગના લોકો સ્વયંભૂ ઉપસ્થિત રહ્યા હતા. અમરેલીમાં યોજાયેલી સભામાં આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે પોતાના સંબોધનમાં જણાવ્યું કે, સૌરાષ્ટ્રમાં સોમનાથ મહાદેવ અને દ્વારકાધીશનું મંદિર છે, તેથી આજે હું સૌરાષ્ટ્રની ધરતી પર આશીર્વાદ લેવા આવ્યો છું. ભાજપના કુશાસન અને ભ્રષ્ટાચારથી લોકોને મુક્તિ મળે તેવા આશીર્વાદ માટે હું અહીં આવ્યો છું. સૌરાષ્ટ્રની ૪૮ સીટોમાંથી ૪૦ સીટ તમે ભાજપને આપી, પરંતુ બદલામાં તમને શું મળ્યું? ધક્કા મળ્યા, ગાળો મળી, અપમાન મળ્યું, ડંડા મળ્યા, જેલ મળી. છેલ્લા ૩૦ વર્ષમાં ભાજપે શું આપ્યું? રસ્તા બનાવે છે તો ૨ દિવસમાં તૂટી જાય છે, મોરબીનો પુલ તૂટી ગયો અને બીજા ઘણા પુલ તૂટી ગયા, તો આ બધાના પૈસા ક્યાં જાય છે? મને કેટલાક ખેડૂત મળ્યા જેમણે કહ્યું કે તેમની મગફળીનો પાક બરબાદ થઈ ગયો હતો અને ત્યારબાદ સરકારે ૧૦૦૦૦ કરોડનું પેકેજ જાહેર કર્યું, પરંતુ સાંભળવામાં આવ્યું કે ખેડૂતોને પૈસા મળ્યા નથી. તો મારો સવાલ છે કે એ ૧૦૦૦૦ કરોડ ક્યાં ગયા? ખાઈ ગયા આ લોકો ૧૦૦૦૦ કરોડ? જાતિનું પ્રમાણપત્ર, જન્મનું પ્રમાણપત્ર, રાશન કાર્ડ જેવી કોઈપણ વસ્તુ માટે પૈસા આપવા પડે છે. તમે લોકો ૩૦ વર્ષથી અલગ અલગ પાર્ટી અને નેતાઓને મત આપતા આવ્યા, પરંતુ તમને કંઈ મળ્યું નથી કારણ કે તે નેતાઓ કોઈના સગા નથી, તેથી મારી અપીલ છે કે આ વખતે તમે પોતાને મત આપો અને પોતાની જનતાની સરકાર બનાવો.

આગળ આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલજીએ જણાવ્યું કે, પંજાબમાં પણ જનતાની સરકાર બની છે. આમ આદમી પાર્ટી કોઈ સામાન્ય પાર્ટી નથી, તે એક આંદોલન છે, દેશને પ્રગતિ તરફ લઈ જવાનું નામ છે. ભગવંત માન કોઈ નેતા નથી પરંતુ ખેડૂતનો દીકરો છે. મારા પિતાજી, ઈસુદાન ગઢવીના પિતાજી કે ગોપાલ ઈટાલિયાના પિતાજી કોઈ નેતા ન હતા. અમે બધા તમારા બાળકો છીએ, અમે સામાન્ય લોકો છીએ. પંજાબમાં અમારા ૯૬ ધારાસભ્યો છે, જેમાંથી ૮૦થી વધુ પ્રથમ વખત જીત્યા છે અને બધા સામાન્ય પરિવારોમાંથી આવે છે. અહીં ધારાસભ્યનો દીકરો ધારાસભ્ય બને છે અને તેની પત્ની પણ ધારાસભ્ય બને છે, ભાજપમાં નેતાઓના બાળકોને જ ટિકિટ મળે છે, શું તમારા બાળકોને ટિકિટ મળે છે? આમ આદમી પાર્ટી તમારા બાળકોને ટિકિટ આપશે અને તમારી સરકાર બનાવશે.

આગળ તેમણે જણાવ્યું કે, પંજાબ અને ગુજરાત બંને ખેડૂતોની ધરતી છે. પંજાબમાં ખેડૂતો માટે કામ થાય છે પરંતુ ગુજરાતમાં રાત્રે ૨-૩ વાગ્યે વીજળી આવે છે. પંજાબમાં સવારે ૧૦ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધી મફત વીજળી આપવામાં આવે છે. પહેલા આવું નહોતું પરંતુ ખેડૂતનો દીકરો મુખ્યમંત્રી બનતા આખી સિસ્ટમ બદલાઈ ગઈ. પહેલા પંજાબમાં ૨૦% જમીનને જ સિંચાઈ મળતી હતી પરંતુ અમારી સરકાર આવ્યા બાદ ૭૦% ખેતરો સુધી પાણી પહોંચ્યું છે અને આવતા વર્ષે ૯૦% સુધી પહોંચશે. પંજાબ એકમાત્ર રાજ્ય છે જ્યાં ખેતી માટે વીજળી મફત છે. ગુજરાતમાં ૩૦ વર્ષ પછી પણ મફત વીજળી નથી તો ખેડૂતોને શું મળ્યું? અહીં નેતાઓ અને અમીરોની સરકાર છે. પંજાબમાં અમારી સરકાર ૨૪ કલાક લોકો માટે કામ કરે છે. પંજાબમાં ખેડૂતોની આખી પાક ખરીદવામાં આવે છે અને સાંજ સુધી પૈસા મળી જાય છે. મૈં અહીં છાપામાં વાંચ્યું કે ખેડૂતોને ત્રણ-ત્રણ મહિના સુધી પૈસા મળતા નથી.

આગળ તેમણે જણાવ્યું કે, સૌરાષ્ટ્રમાં દર વર્ષે કેરીની ખેતી બરબાદ થાય છે પરંતુ કોઈ વળતર નથી. કેમ કે તેના માટે કોઈ પોલિસી જ નથી. ઈકો ઝોનના કાયદાથી ખેડૂતો હેરાન છે. શું આ કાયદો દૂર થવો જોઈએ? વન વિભાગના લોકો ખેડૂતોને હેરાન કરે છે. આ બધું એટલે થાય છે કે તમે અત્યાર સુધી નેતાઓને મત આપ્યા, હવે તમારી સરકાર બનાવો તો પંજાબ જેવી વ્યવસ્થા ગુજરાતમાં પણ થશે. તમે ૪૮માંથી ૪૦ સીટ ભાજપને આપી અને ૪ સીટ આમ આદમી પાર્ટીને આપી, અને અમે આ ૪ સીટ માટે આભારી છીએ. આજે ભાજપના લોકો તમને ડંડા મારે છે ત્યારે તમને બચાવવા અમારા લોકો આગળ આવે છે, જેલમાં જવા માટે પણ અમે તૈયાર છીએ. ચૈતર વસાવા જેલ ગયા, પ્રવીણ રામને જેલમાં નાખ્યા અને ઘણા નેતાઓને જેલમાં નાખ્યા છે, પરંતુ અમે ડરવાના નથી. જ્યારે મને પણ જેલમાં નાખ્યો ત્યારે હું પણ ના ડર્યો, એમ અમારા એક પણ નેતા કે કાર્યકર્તા જેલમાં જવાથી ડરતા નથી. તમે અમને ૪ સીટો આપી તો પણ અમે તમારી માટે લડી રહ્યા છીએ, તો વિચારો કે જો અમારી સરકાર આવશે તો કેટલું કામ થશે, ગુજરાતનો નકશો જ બદલાઈ જશે.

---

# મંત્રીઓની કામગીરી નબળી જણાતા ભાજપમાં ટેન્શનઃ સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ જીતવા ભાજપે સીનીયર સાંસદો અને મંત્રીઓને જવાબદારીઓ સોંપી

### પૂર્વ મંત્રી નિતિન પટેલ, બાબુ બોખીરીયા, દર્શનાબેન જળદોશ, ભુપેન્દ્રસિંહ ચુડાસમા, આઈ કે જાડેજા સહિતના પૂર્વ મંત્રીઓને જવાબદારીઓ સોંપાઈ



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં નજીકના સમયમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ આવી રહી છે. ભાજપે નજીકના સમયમાં કરેલ મંત્રી મંડળમાં ૨૦ થી વધુ મંત્રીઓનો મંત્રી મંડળમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. આ મંત્રીઓની કામગીરી સર્વે માં નબળી જણાતા ભાજપના નેતાઓ ટેન્શનમાં આવી ગયા છે. તો બીજી તરફ સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ જીતવા ભાજપ હવે પૂર્વ મંત્રીઓ અને સાંસદોને ચુંટણીઓ જીતવાની જવાબદારીઓ સોંપી છે.

સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓને લઈ ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીએ સંગઠન સ્તરે મોટો નિર્ણય લેતા પ્રદેશ ચુંટણી સમિતિના સભ્યોના નામોની સત્તાવાર જાહેરાત કરી છે. પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ રાષ્ટ્રીય નેતૃત્વ અને મોવડી મંડળ સાથે પરામર્શ કર્યા બાદ આ મહત્વની સમિતિની રચના કરી છે. આ સમિતિ આગામી ચુંટણી લક્ષી નિર્ણયો અને ઉમેદવારોની પસંદગી પ્રક્રિયામાં મહત્વની ભુમિકા ભજવશે. ચુંટણી સમિતિમાં કુલ ૧૩ મુખ્ય સભ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં રાજયના ટોચના નેતાઓનો સમાવેશ થાય છે. જેમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ , પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી , પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરજી.

આ ટોચના નેતાઓ ૧૩ અન્ય નેતાઓ પાસેથી સલાહ સુચનો લઈ ચુંટણીલક્ષી નિર્ણયો લઈ શકશે. સમિતિમાં પૂર્વ નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલ, પૂર્વ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, રાજય સરકારના મંત્રી ડો. પ્રદ્યુમન વાજા, પૂર્વ કેન્દ્રીય મંત્રી દર્શનાબેન જળદોશ અને પૂર્વ મંત્રી બાબુભાઈ બોખીરીયા જેવા અનુભવી નેતાઓને સ્થાન આપીને સંતુલન જાળવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. તેમજ વિશેષ આમંત્રિત સભ્યો તરીકે કેન્દ્રીય મંત્રી સીઆર પાટીલ, સાંસદ પરશોત્તમ રૂપાલા, પૂર્વ પ્રદેશ પ્રમુખ આર સી ફળદુ અને મંત્રી જીતુ વાઘાણીનો સમાવેશ કરાયો છે. આ સાથે જયશ્રીબેન પટેલ અને વર્ષાબેન દોશીને આમંત્રિત સભ્યો તરીકે જવાબદારી સોંપવામાં આવી છે. આ નેતાઓ રાજયના સૌરાષ્ટ્ર દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાતના કેટલાક મહત્વના જિલ્લાઓ કે જયાં ભાજપને સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં નુકશાન થવાનો અંદાજ છે. તેવા જિલ્લાની જવાબદારીઓ સોંપવામાં આવી છે. જેવા કે સુરત, રાજકોટ, મહેસાણા અને પોરબંદર જિલ્લાના નેતાઓને પણ લઈને પ્રતિનિધિત્વ આપી ચુંટણીઓ જીતવાની જવાબદારીઓ સોંપવામાં આવી છે. પ્રદેશ મહામંત્રી ડો. પ્રશાંત કોરાટની સહી સાથે બહાર પડેલી આ યાદી દર્શાવે છે કે પાર્ટી હવે આગામી ચુંટણીના મોડ માં આવી ગઈ છે.

---

# યુદ્ધના નામે ઉઘાડી લુંટઃ રાજકોટમાં કન્ટેનરના ભાવ ૩૦૦થી વધી ૩૫૦૦ ડોલર પહોચ્યાઃ મોટાભાગના ઉદ્યોગો ઠપ્પ



પ્રતિનિધિ,ગાંધીનગર

ખાડી દેશોમાં સતત ૨૪ દિવસથી ચાલી રહેલા યુદ્ધની અસર હવે ધીમે ધીમે ભારતીય ઉદ્યોગો પર પડી રહી છે.

ઈરાન અને ઈઝરાયેલ તેમજ અમેરીકાના યુદ્ધને લઈને આયાત નિકાસ અટકી છે. જેને લઈને રાજકોટના મોટાભાગના ઉદ્યોગો ઠપ્પ થયા છે. જયારે કેટલાક ઉદ્યોગોના કામકાજમાં ઘટાડો થયો છે. મીડલ ઈસ્ટમાં યુદ્ધને લઈ કન્ટેનરનો ભાવ ૩૦૦ થી વધુ ૩૫૦૦ ડોલર થી પણ ઉપર પહોચ્યો છે. પહેલા એકસપોર્ટના દિવસો ૩૦ હતા જે વધીને હવે ૬૦ થી ૭૦ દિવસ થયા છે.

ઈરાન અને ઈઝરાયેલ-અમેરીકાના યુદ્ધની અસર ગુજરાતમાં ઉદ્યોગો પર પડતી સ્પષ્ટ રીતે દેખાઈ રહી છે. રાજકોટમાંથી બહાર આવેલી માહિતી પ્રમાણે યુદ્ધના કારણે રાજકોટના મોટાભાગ ના ઉદ્યોગો પ્રભાવિત થયા છે. આયાત નિકાસ અટકી પડતા ઉદ્યોગકારો ચિંતામાં મુકાયા છે. સૌથી વધુ ઓટોમોબાઈલ ઉદ્યોગ પર યુદ્ધની અસર વધુ ઘેરી બની છે. જે ૩૦૦ ડોલરના કન્ટેનર હતા તેનો ભાવ હવે ૩૫૦૦ થી ૩૬૦૦ ડોલર થયા છે. અચાનક ભાવમાં વધારો થતા રાજકોટ એન્જીનીયર એસોસીએશન નો આરોપ છે કે કન્ટેનર કંપનીઓ યુદ્ધના નામે લુંટ ચલાવી રહી છે. પહેલા એકસપોર્ટના દિવસો ૩૦ હતા જે ૬૦ થી ૭૦ દિવસ થયા છે. રાજકોટ થી ખેતીના ઓજારોનો ઈઝરાયેલ-ઈરાનમાં નિકાસ થાય છે, રાજકોટ એન્જીનીયર એસોસીએશનનુ કહેવુ છે કે સબમર્શીબલ પંપ ની નિકાસમાં યુદ્ધને લઈને ૬૦ થી ૭૦ ટકાનો ઘટાડો નોંધાયો છે. રાજકોટમાં ૪૦૦ થી વધુ સબમર્શીબલ પંપ ની ફેકટરીઓ આવેલી છે. રાજકોટના હાર્ડવેર ઉદ્યોગ પર પણ યુદ્ધની માઠી અસર વર્તાઈ રહી છે.

---

# ગાંધીનગરમાં ગ-૨ સર્કલ પાસે પૈસા ની લેતી દેતીમાં ૩ રાઉન્ડ ફાયરીંગ કરી યુવાનની હત્યાનો પ્રયાસ કરનારા ૩ આરોપીઓ ઝડપાયા



પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયના પાટનગર ગાંધીનગરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી હોય તેમ ગઈ કાલે રાત્રે ગ-૨ સર્કલ પાસે મકાન વેચાણના નાણાંની લેતી દેતી મામલે જાહેરમાં ૩ રાઉન્ડ ફાયરીંગ થતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી હતી. આ હિંસક અથડામણમાં એક યુવકને પેટના ભાગે ગોળી વાગતા તેને અત્યંત ગંભીર હાલતમાં હોસ્પીટલ ખસેડવામાં આવ્યો હતો. પોલીસે ૩ આરોપીઓની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો પાસેથી મળેલી માહિતી મુજબ ગાંધીનગરના સેકટર-૨૭ માં રહેતા અને સર્વોદય રીયલ એસ્ટેટ નામે જમીન દલાલીનુ કામ કરતા અતુલભાઈ ફકીરચંદ દરજીએ બે વર્ષ અગાઉ સેકટર-૩ ડી માં આવેલુ એક મકાન જીતેન્દ્ર ઉર્ફે જીતુ ગણપતભાઈ રાઠોડ રહે. ઉનાવા ને ૨૦ લાખ રૂપીયામાં રોકડામાં વહેચ્યુ હતું. જો કે આ મકાન વિવાદીત હોવાનુ જણાવી જીતુએ પોતાના રૂપીયા પરત માંગ્યા હતા. જો કે જીતુ અને તેના મિત્ર વાવોલ ખાતે રહેતા મહેન્દ્રસિંહ રણજીતસિંહ જાડેજાએ ફોન પર અતુલભાઈ પાસે ૨૦ લાખ ના બદલે ૫૦ લાખ રૂપીયાની માંગણી કરી ધમકી આપી હતી. ત્યારે ગઈ કાલે આ વિવાદના સમાધાન માટે જીતુ રાઠોડ, મહેન્દ્રસિંહ અને મિતેશ આત્મારામ દેસાઈ રહે. વાવોલ અલગ અલગ ૩ સ્કોર્પીયો ગાડીઓ લઈને અતુલભાઈની ઓફીસ પાસે પહોચ્યા હતા. જેના પગલે અતુલભાઈએ મદદ માટે તેમના મિત્ર વાવોલ ખાતે રહેતા પ્રદિપસિંહ જાડેજા અને રાહુલ ભરવાડને બોલાવ્યા હતા. જેવા પ્રદિપસિંહ ગાડીમાંથી બહાર નીકળ્યા કે તરત જ મિતેષ દેસાઈએ પોતાની પાસે રહેલી પિસ્તોલ થી તેમની પર ૩ રાઉન્ડ ફાયરીંગ કર્યુ હતું. જેમાંથી એક ગોળી પ્રદિપસિંહના પેટમાં વાગતા તે લોહીલુહાણ હાલતમાં રસ્તા પર જ ઢળી પડયા હતા. આ હુમલા બાદ આ શખ્સો અતુલભાઈને છરી બતાવી જબરદસ્તી સ્કોર્પીયો ગાડીમાં બેસાડી તેમનુ અપહરણ કરી લીધુ હતું અને ચાલુ ગાડીમાં તેમને ગડદા પાટુનો માર માર્યો હતો.

આ ગોળીબાર થી સ્થાનિકો અને રાહદારીઓમાં ભારે ફફડાટ વ્યાપી ઉઠયો હતો. ઘટનાની જાણ થતા જ જિલ્લા પોલીસવડા સહિતના ઉચ્ચ અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. ફરાર થઈ ગયેલા ૩ આરોપીઓને પકડવા માટે ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમ પણ કામે લાગી હતી. અને આખરે ત્રણેયને ઝડપી લેવામાં આવ્યા હતા. જેમની સામે આર્મ્સ એકટ , હત્યાના પ્રયાસ અને અપહરણ સહિતની કલમો હેઠળ ગુન્હો દાખલ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.